**સુવિચાર**

પોતાની જાતને જાણવી અને જીતવી એજ સર્વોત્તમ સિધ્ધિ. જાણવું એ મોટી વસ્તુ નથી, પણ પામવું એ મોટી વસ્તુ છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૪/૦૪/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



એક એવી શાળા કે જયાં ભણવાનું ગૌરવ થાય
નિત્યમ વિદ્યા સંકુલ
નવા શૈક્ષણિક સત્રથી અમરેલીમાં...
બાલ મંદિરથી ધોરણ-૧૨. (સાયન્સ,કોમર્સ,આર્ટસ) ગુજરાતી/અંગ્રેજી માધ્યમ, બોયઝ & ગર્લ્સ હોસ્ટેલ



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ ફાગણ વદ-૧૦ વર્ષ : ૧૫ અંક : ૦૯૫



ઈમરજન્સી સારવાર.... રાહત દરે
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
હદયરોગ - બીપી
શ્વાસ - દમ - ન્યુમોનિયા
પક્ષઘાત - પેરાલીસીસ - આંચકી
ઝેરીદવા - સર્પદંશ
ડાયાબિટીસ - કીડની - લીવરની તકલીફ વગેરે
ડૉ. રાજન કકૈયા (એમ.ડી.)
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૬૩૦૦૦


## વતનનાં રતન ગજેરા પરિવાર દ્વારા ઉદ્યોગ સાથે સામાજિક ઉત્થાનના કાર્યની સરકારે નોંધ લીધી

# લક્ષ્મી ડાયમંડને સોશ્યલ રિસ્પોન્શીબલ કંપનીનો એવોર્ડ એનાયત

### અમરેલીની ગૌરવસમી લક્ષ્મી ડાયમંડ કંપની સામાજિક અને સેવાકીય યોગદાન સાથે દેશમાં બીજા ક્રમે

### ગર્વમેન્ટ બેઈઝ, જેમ્સ એન્ડ જવેલર્સ, એકસપોર્ટ પ્રમોશન કાઉન્સીલ દ્વારા એવોર્ડ એનાયત

### લક્ષ્મી ડાયમંડનાં અશોક ગજેરાએ એવોર્ડ સ્વીકારી આભારની લાગણી વ્યકત કરી

### અમરેલીનાં રાજકીય આગેવાનો બાદ ઉદ્યોગપતિઓ પણ દેશ લેવલે ઝળકયા

અમરેલી, તા. ૩

અમરેલીના પનોતા પુત્ર અને વતનનાં રતન વસંતભાઈ ગજેરા તેમની પરિવારની શિક્ષણ આરોગ્ય અને રોજગારી ક્ષેત્રે ઉમદા સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર છે.

આ પરિવાર દ્વારા ૧૯૬૬માં સ્થાપિત 'જેમ એન્ડ જવેલરી' એકસપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (જીજેઈપીસી) ગવર્મેન્ટ બોડી છે જે દેશમાં બીજા નંબરની સૌથી વધારે એકસપોર્ટ કરતી કંપની છે. જેમનું ટર્ન ઓવર ૨૨ બિલિયન છે. જેમને છેલ્લા ૧૫ વર્ષથી સીએસઆર એવોર્ડ મેળવીને પોતાનું ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે. તે બદલ લક્ષ્મી ડાયમંડ (જીજેઈપીસી) નો





હૃદયથી આભાર પ્રગટ કરે છે. કંપનીની વિકાસગાથા જોઈએ તો ૧૯૬૬ થી લઈને આજે વિના ૪૦ દેશોમાં પોતાની અલગ-અલગ બ્રાંચ સાથે કાર્યરત છે. જે રાજય અને રાષ્ટ્ર માટે અત્યંત ગૌરવ આપનાર છે. તેમના વિકાસ અને સફળતામાં ગજેરા પરિવાર અને તેમના ઉદ્યમી સ્ટાફની મહેનતનું આ ઉત્કૃષ્ઠ પરિણામ છે. સ્ટાફને પ્રોત્સાહન પારિવારિક ભાવનાથી , સૌને સાથે લઈને આગળ વધવાનો ભાવ મુખ્ય છે. વિશાળ કામગીરી સાથે સેવાકીય પ્રવૃત્તિનું વટવૃક્ષમાં સમાજના છેવાડાના માનવીની સતત કાળજી આ પરિવાર લઈ રહ્યો છે તે ધન્યવાદને પાત્ર છે.


અનુસંધાન પાના ૬ ઉપર


## જસદણનાં પાંચવડા ગામનાં શખ્સ વિરૂધ્ધ કાર્યવાહી

# અમરેલીનાં નાના ભંડારીયા ગામ નજીકથી ગેરકાયદેસર રીતે થતી પશુઓની હેરફેર ઝડપાઈ

### તાલુકા પોલીસે રૂપિયા ૨.૬૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

અમરેલી, તા. ૩

જસદણ તાલુકાના પાંચવડા ગામે રહેતા આરોપી પરેશભાઈ


અનુસંધાન પાના ૬ ઉપર



Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨


## ફાઈવ ટ્રિલીયન ડોલરની ઈકોનોમીની ગુલબાંગો વચ્ચે વાસ્તવિકતા

# અરેરાટી : અમરેલી જિલ્લામાં છેલ્લા ૪૮ કલાકમાં ૨ યુવકોએ આર્થિક સંકડામણથી આત્મહત્યા કરી લીધી

### અમરેલી અને રાજુલાનાં છાપરી ગામનાં યુવકે ગળાફાંસો ખાઈ લીધો

અમરેલી, તા. ૩

એક તરફ ભારત દેશની ઈકોનોમી ફાઈવ ટ્રિલીયન ડોલર તરફ આગેકૂચ કરી રહી હોવાનો દાવો સરકાર ધ્વારા થઈ રહ્યો છે અને બીજી તરફ દેશમાં ગરીબી, મોંઘવારી અને બેરોજગારીનાં કારણે અમીર-ગરીબ વચ્ચે ભયજનક રીતે ખાઈ પડી રહી હોય તેવા સમયે અમરેલી જિલ્લામાં ૨ યુવકોએ આર્થિક સંકડામણથી ગળાફાંસો ખાઈ લીધાની ઘટના પ્રકારમાં આવી છે. પ્રથમ બનાવમાં અમરેલીના ગજેરાપરામાં રહેતા જયેશભાઈ ભનુભાઈ થળેસા નામનાં ૩૬ વર્ષિય રત્નકલાકાર હીરા ઘસવાનુ કામ કરતા હોય અને હીરા ઘસવાનુ કામ તેનાથી થતુ ન હોય. જેથી આર્થિક સંકડામણમાં આવી જતા પોતાને મનમાં લાગી આવતા તા. ૨ના સાંજના સાડા પાંચેક વાગ્યા પહેલા કોઈપણ સમયે અમરેલી ગજેરાપરા કોળીવાડ ખાતે પોતે પોતાની મેળે ઘરમાં પંખા સાથે લટકી જઈને ગળાફાંસો ખાઈ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

બીજા બનાવમાં રાજુલા તાલુકાના છાપરી ગામે રહેતા વાઘાભાઈ હમીરભાઈ ધણગણ નામનાં ૪૦ વર્ષિય યુવકના લગ્ન થયેલ ન હોય અને તે છેલ્લા ઘણા વર્ષોથી માતા સાથે રહેતા હોય અને માતા પણ છેલ્લા દસેક વર્ષથી બીમાર રહેતા હોય તેની સેવા-ચાકરી પોતે કરતા હોય તેના લીધે કોઈ કામ ધંધો કરવા જઈ શકતા ન હોય. જેથી આર્થિક ભીંસના કારણે ગત તા. ૧ ના રોજ છાપરી ગામે ઘરે પોતે પોતાની રીતે ઠેલના લાકડા સાથે દોરડું બાંધી ગળાફાંસો ખાઈ જતા મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.


જોઇએ છે
કોમ્પ્યુટર ઓપરેટર....................૨
CorelDraw, Photoshop, PageMaker7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય.............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
''અમરેલી એકસપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે
મેડીકલ ઓફીસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S
પગાર ધોરણ : ૧૫૦૦૦/- થી ૨૧૦૦૦/- (અનુભવી માટે)
પગાર ધોરણ : ૧૪૦૦૦/- થી ૧૬૦૦૦/- (Freshers)
Day shift 2 (Ladies) Night shift 1(Ladies & Gents)
નર્સીંગ સ્ટાફ
GNM / ANM / Bsc Nursing
પગાર ધોરણ : ૧૧૦૦૦/- થી ૧૩૦૦૦/- (અનુભવી માટે)
પગાર ધોરણ : ૯૦૦૦/- થી ૧૧૦૦૦/- (Freshers)
Day shift 2 (Ladies) Night shift 2 (Ladies)
અમરેલીમાં રહેતા વ્યકિતઓને પ્રાથમિકતા આપવામાં આવશે.
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિં
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

હવે...આપણા અમરેલીમાં જ સુરત, રાજકોટ, અમદાવાદ જેવી જ સુવિધા ઉપલબ્ધ.
NCT CANDOR IVF CENTER (ટેસ્ટ ટ્યૂબ બેબી)
ડો. ચેતના મુરારકર M.B.B.S. DGO (Laparoscopic Surgeon & IVF Specialist)
ડો. જયદેવ ધામેલીયા MBDGO IVF Specialist (14 years Experience)
હવે... તમારા ઘરે પણ ગુંજશે ખુશીઓની કિલકારી...
એકમાત્ર અમરેલી જીલ્લાનુ IVF CENTER (ટેસ્ટ ટ્યૂબ બેબી સેન્ટર)
સ્થળ: નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ | ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી
વધુ માહિતી માટે સંપર્ક કરો 99789 66629, 88491 09784

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
60,990/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૦૩/૦૪/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

## દર બે કલાકે ત્રણ બેરોજગાર અને દર ૨૫ મિનિટે એક ગૃહિણીની આત્મહત્યા

# હે રામ : દેશમાં દરરોજ ૪૦૭થી વધુ વ્યકિતઓ કરે છે આત્મહત્યા

### ગુજરાતમાં છેલ્લા ૩ વર્ષમાં ૪૯૫ વિદ્યાર્થીઓ સહિત ૨૫૪૭૮ વ્યકિતની આત્મહત્યા

### દેશમાં છેલ્લા ૬ વર્ષમાં ૯.૯૨ લાખ કરતાં વધારે વ્યકિતઓએ કરી આત્મહત્યા

### દેશમાં આત્મહત્યા કરનાર દર ચોથી વ્યકિત રોજમદાર વ્યકિત છે

### હેપ્પીનેસ ઈન્ડેક્ષમાં ભારત દેશનું સ્થાન સતત નીચે ગબડી રહ્યું છે

અમદાવાદ, તા. ૩

'અચ્છે દિન', 'ખેડૂતોની આવક બમણી', 'દર વર્ષે બે કરોડ રોજગાર', 'મોંઘવારીના મારથી મુકિત મળશે' સહિતના વાયદાથી તદ્દન વિપરીતભાજપનીનીતિનોભોગદેશના પરિવારોબનીરહ્યાછે.ત્યારેદેશમાંઅને ગુજરાતમાંસતતવધતાયુવાનો,ખેડૂતો, મહિલાઓ, નાના વેપારીઓની આત્મહત્યાની ઘટનાઓ શું આ ' અમૃતકાળ' છે ? તેવો વેધક પ્રશ્ન કરતા ગુજરાતપ્રદેશકોંગ્રેસસમિતિનામીડિયા કન્વીનરઅનેપ્રવકતાડો.મનીષદોશીએ જણાવ્યું હતું કે દેશમાં રોજમદાર, શ્રમિકો, મહિલાઓ, ખેડૂતો, ખેતમજદૂરો વિદ્યાર્થીઓ, વેપારીઓસેવાનિવૃતલોકો સહિતસહપરિવારઆત્મહત્યાથઈરહી છે તે ચિંતાજનક છે. વર્ષ ૨૦૧૭થી ૨૦૨૨ સુધી સતત છ વર્ષથી આત્મહત્યાનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. દેશમાં છેલ્લા ૬ વર્ષમાં ૯,૯૨,૫૩૫ લોકોએ આત્મહત્યા કરી હતી. દેશમાં સરેરાશ દરરોજ ૪૦૭થી વધુ લોકો દેશમાં આત્મહત્યા કરી રહ્યા છે તેમજ ભારતમાં આત્મહત્યા કરનાર દર ચોથી વ્યકિત રોજમદાર છે. દર બે કલાકે ત્રણ બેરોજગાર અને દર પચ્ચીસ મીનીટે એક ગૃહિણી આત્મહત્યા કરી રહી છે. આર્થિક સંકટ, બેરોજગારી, ગંભીર શારીરિક સમસ્યાઓ, પારીવારીક મુશ્કેલીઓ સહિતના કારણોસર આત્મહત્યાઓ સતત વધી રહી છે.

ગુજરાતમાં પાછળના ત્રણ વર્ષમાં ૪૯૫ વિદ્યાર્થીઓ સહિત ૨૫,૪૭૮ વ્યકિતઓએ આત્મહત્યા કરી. ગુજરાતમાં ત્રણ વર્ષમાં ૬૮૭૯ વિદ્યાર્થીઓએ પોતાનો જીવ ગુમાવ્યો. રાજયમાં વિદ્યાર્થીઓની આત્મહત્યામાંની ઘટનાઓમાં ૨૧ ટકાનો વધારો થયો છે. ગુજરાતના મુખ્ય શહેરો જેવા કે અમદાવાદમાં ૩૨૮૦, સુરતમાં ૨૮૬૨, રાજકોટમાં ૧૨૮૭ આત્મહત્યાઓ ચિંતાજનક છે. ભાજપ સરકાર જરૂરિયાતમંદ લોકોને રોજગાર, આર્થિક સહાયતા, માનસિક સ્વાસ્થ્યતા આપવામાં નિષ્ફળ નીવડી છે. વર્ષ ૨૦૨૨માં ૧,૬૪ ૦૩૩ લોકોએ આત્મહત્યા કરી હતી. જેમાં ૧૨,૦૫૫ વેપારીઓ, ૮૧૭૬ સ્વરોજગાર કરનાર એમ કુલ ૨૦,૨૩૧ લોકોએ આત્મહત્યા કરી. વર્ષ ૨૦૨૨માં ૧,૬૪૦૩૩ લોકોએ આત્મહત્યા કરી જેમાં ૧૨,૦૫૫ વેપારીઓ, ૮૧૭૬ સ્વરોજગાર કરનાર એમ કુલ ૨૦,૨૩૧ લોકોએ આત્મહત્યા કરી. દેશમાં છેલ્લા છ વર્ષ અનુસાર ૨૦૧૭માં ૧,૨૯,૮૮૭, વર્ષ ૨૦૧૮માં ૧,૩૪,૫૧૬, વર્ષ ૨૦૧૯માં ૧,૩૯,૧૨૩, વર્ષ ૨૦૨૦માં ૧,૫૩,૦૫૨, વર્ષ ૨૦૨૧માં ૧,૬૪,૦૩૩, વર્ષ ૨૦૨૨માં ૧,૭૧,૯૨૪ લોકોએ એમ કુલ ૯,૯૨,૫૩૫ લોકોએ દેશમાં આત્મહત્યા કરી જીવન ટુકાવ્યું હતું જે દેશ માટે અતિગંભીર બાબત છે. ત્યારે અહંકારી ભાજપા શાસકો જનતા માટે કયારે વિચારશે?

| વર્ષ | આત્મહત્યાની સંખ્યા |
|---|---|
| ૨૦૧૭ | ૧,૨૯,૮૮૭ |
| ૨૦૧૮ | ૧,૩૪,૫૧૬ |
| ૨૦૧૯ | ૧,૩૯,૧૨૩ |
| ૨૦૨૦ | ૧,૫૩,૦૫૨ |
| ૨૦૨૧ | ૧,૬૪,૦૩૩ |
| ૨૦૨૨ | ૧,૭૧,૯૨૪ |
| કુલ | ૯,૯૨,૫૩૫ |

## અમરેલી ખાતે જિલ્લા ચુંટણી અધિકારી અજય દહિયાના અધ્યક્ષ સ્થાને ચુંટણી સમીક્ષા બેઠક યોજાઈ



અમરેલી તા. ૩

એપ્રિલ, ૨૦૨૪ (બુધવાર) લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અન્વયે ૧૪–અમરેલી ચૂંટણીલક્ષી વિવિધ પ્રકારની કામગીરીની અમરેલીની જિલ્લા ચૂંટણી અધિકારી અજય દહિયાના અધ્યક્ષ સ્થાને સમીક્ષા કરવામાં આવી હતી. અમરેલી જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલી આ બેઠકમાં જિલ્લાની વિવિધ વિધાનસભા સહિત લોકસભામાં સમાવિષ્ટ મતવિસ્તારના મદદનીશ ચૂંટણી અધિકારીઓ સાથે જિલ્લા ચૂંટણી અધિકારીએ ચર્ચા કરી અને ચૂંટણી કામગીરીની સમીક્ષા કરી હતી. જિલ્લા ચૂંટણી અધિકારીએ અમરેલી જિલ્લામાં આગામી લોકસભાની ચૂંટણીના સુચારુ આયોજનની વ્યવસ્થાઓ વિશે માર્ગદર્શન આપ્યુ હતુ. લોકસભા ની સામાન્ય ચૂંટણીના ત્રીજા તબકકામાં અમરેલી જિલ્લામાં આગામી તા. ૦૭ મે, ૨૦૨૪ના રોજ મતદાન થશે. મતદાનનું જાહેરનામું આગામી તા. ૧૨ એપ્રિલના રોજ પ્રસિદ્ધ થશે. મતદાન માટે ફોર્મ ભરવાની અંતિમ તા. ૨૦ એપ્રિલ, ૨૦૨૪ રહેશે. લોકસભાની ચૂંટણીના મતદાન માટે અમરેલી જિલ્લા ઉમેદવારો માટે ફોર્મ પરત ખેંચવાની અંતિમ તા. ૨૨ એપ્રિલ, ૨૦૨૪ જાહેર કરવામાં આવી છે. આ બેઠકમાં જિલ્લા ચૂંટણી તંત્રના અધિકારીઓ અને કર્મયોગીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

## અમરેલી : શાંતાબા જનરલ હોસ્પિટલ ખાતે યોજાયો "વર્લ્ડ ઓટીઝા અવેરનેસ દિવસ"



વર્લ્ડ ઓટીઝમ અવેરનેસ ડેની ઉજવણી કરવામાં આવી હતી.

અમરેલી, તા. ૩

અમરેલીમાં શાંતાબા જનરલ હોસ્પિટલ ખાતે યોજાયો ''વર્લ્ડ ઓટીઝમ એવરનેસ દિવસ''

ઓટીઝમ વિશે લોકોને યોગ્ય માહિતી મળી રહે અને વહેલી તકે તેની સારવાર કરી શકાય તે માટે બીજી એપ્રિલ ઓટીઝમ અવેરનેસ ને લગતા કાર્યક્રમો યોજવામાં આવે છે. જેના ભાગ રૂપે શાંતાબા જનરલ હોસ્પિટલ અમરેલી ખાતે ૧૫૦ કરતા વધુ દર્દીઓને અલગ–અલગ થેરાપી આપી તેની સારવાર કરવામાં આવેલી હતી.

ડોકટરના જણાવ્યા મુજબ આજના સમયમાં ઓટીઝમનું પ્રમાણ વધી રહેલ છે. જેનું ચોકકસ કોઈ કારણ નથી પરંતુ તે માટે વધતું જતું પ્રદુષણ, જેનેટિક કારણો, ટી.બી., થાઈરોઈડ બીમારી અને પાણી તથા ખોરાક માં વધુ પડતું પેસ્ટીસાઈડસનું પ્રમાણ જવાબદાર હોય છે. સંતાનને ઓટીઝમ છે કે નહી તેની માહિતી બાળકની રોજીંદી હરકતો પરથી સામાન્ય રીતે મળતી હોય છે જેમ કે નોર્મલ બાળકના પ્રમાણમાં ધીમો વિકાસ થવો, બાળકોને નામથી બોલાવો તો રિસ્પોનસ ના આપવો, એકલા–એકલા રહેવું, બોલતા કે ચાલતા મોડુ શીખવું વગેરે પરથી આ માહિતી મળે છે. જો નાની ઉમરથી જ ઓટીઝમ વાળા બાળકોને યોગ્ય સારવાર આપવામાં આવે તો તેનો ઉપચાર થઈ શકે છે અને ઓટીઝમ વાળા બાળકો સ્વયંમ પોતાની દેખરેખ રાખી શકે તેવા પ્રકારનું સરળ જીવન જીવી શકે છે.

ઓટીઝમ ધરાવતાં બાળકોને કેવી રીતે સાચવવા, કેવી સારવાર કરાવવી અને શું કાળજી રાખવી તેની માહિતી શાંતાબા જનરલ હોસ્પિટલ અમરેલી ના ડો. મિરલ શિંગાળા દ્વારા ૧૫૦ કરતા વધુ બાળકોનું પર્સનલ કનસલ્ટેશન તેમને માહિતી આપી અને

## સાવરકુંડલા ખાતે પૂ. ઉષામૈયાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું



સાવરકુંડલા, તા. ૩

પ.પૂ. ઉષામૈયા નર્મદા યાત્રા પૂર્ણ કરી સાવરકુંડલા ખાતે પધારતા સદ્ભાવના ગ્રુપ તથા આશ્રમ પ્રેમી સેવક ગણ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું પ.પૂ. ઉષામૈયા (શિવ દરબાર આશ્રમ) કાનાતળાવ તા. ૨૭/૧૧/૨૦૨૩ ના રોજ ઓમકારેશ્વર જયોતિર્લિંગની પૂજા કરી નર્મદાયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો ત્યારે બાદ તા. ૩૧/૩/૨૦૨૪ ના રોજ માલસર ખાતે નર્મદાજીનો ચૂંદડી મનોરથ કરી યાત્રા પૂર્ણ કરી સાવરકુંડલા ખાતે પધારતા સદ્ભાવના ગ્રુપ તથા આશ્રમ પ્રેમી સેવક ગણ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું તથા સદ્ભાવના ગ્રુપ દ્વારા "પૂ ઉષામૈયા" ને ગૌદાનના એક લાખ પાત્રીસ હજાર બસો ઓગણચાલીસ) અર્પણ કરવામાં આવ્યાં હતાં. સદ્ભાવના ગ્રુપ દ્વારા (શિવ દરબાર આશ્રમ) કાનાતળાવ ગૌશાળા માટે દર વર્ષે ધુળેટી પર ગૌદાન ઉઘરાવવામાં આવે છે, જેની વર્ષ ૨૦૨૩/૨૪ ની (૨ વર્ષ ) ની ગૌદાનની રકમ પૂ. ઉષામૈયા ને અર્પણ કરવામાં આવી હતી.

### શહેરમાં બિસ્માર મકાન દૂર કરવામાં ઉદાસીનતા જોવા મળે છે

## બગસરાનાં ટ્રાફિકથી ધમધમતા વિસ્તારમાં જોખમી મકાન ઉપર ઈલેકટ્રીક વાયર પડતા અફડાતફડી

### શહેરમાં જે કોઈ જોખમી મકાન હોય તેને યુધ્ધનાં ધોરણે દૂર કરવા જરૂરી



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

અમરેલી, તા. ૩

બગસરા શહેરમાં વર્ષો પુરાણા અનેક મકાનો પડવાનાં વાંકે ઉભા છે અને દરેક ચોમાસા પહેલા પાલિકાનાં શાસકો ધ્વારા બિસ્માર મકાન દૂર કરવા માટે ચેતવણી આપવાની ઔપચારિકતા થતી હોય છે.

દરમિયાનમાં આજે શહેરનાં ટ્રાફિકથી ધમધમતા વિસ્તારમાં આવેલ બિસ્માર મકાન ઉપર પીજીવીસીએલનો વાયર પડતાં ધડાકો થતાં આજુબાજુનાં રહેવાસીઓમાં ફફડાટ ફેલાયો હતો. સદનસીબે જાનહાની હતી.

બગસરા પાલિકાનાં શાસકોએ શહેરમાં આવેલ તમામ બિસ્માર મકાનોને યુધ્ધનાં ધોરણે હટાવીને કોઈ અકસ્માત ન થાય તેની કાળજી લેવી જોઈએ તેવી માંગ શહેરીજનો કરી રહ્યા છે.

## સાવરકુંડલા : ઈલેકટ્રોનિક મીડીયામાં ડંકો વગાડનાર ફારૂક કાદરીનો આજે જન્મદિવસ



સાવરકુંડલા, તા. ૩

સાપ્તાહિક અખબારથી પત્રકારત્વ ક્ષેત્રે કારકિર્દીનો શુભારંભ કરી ઈલેક્ટ્રોનિક મીડિયામાં સેવા આપતા ફારૂક કાદરી ૩૬ વર્ષ પૂર્ણ કરી ૩૭ માં વર્ષમાં પ્રવેશતા શુભેચ્છકો દ્વારા અભિનંદનની વર્ષા થઈ રહી છે છેલ્લા ૧૮ વર્ષથી અમરેલી જિલ્લાનાં પ્રાણ પ્રશ્નોને વાચા આપીને પત્રકારત્વ ક્ષેત્રે હરણફાળ ભરેલા ફારૂક કાદરી સાવરકુંડલાની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં ગ્રેજયુએશન સુધી અભ્યાસ કરીને નિષ્ઠાવાન, પત્રકાર યાકુબભાઈ રસભર્યાથી પ્રેરણા લઈને સાપ્તાહિક અખબારથી નીડર પત્રકારત્વ કરવા કાર કીર્દીનો આરંભ કરીને રાજયના નામાંકીત અખબારોમાં રીપોટીંગ કરી ચૂકેલા ફાઢક કાદરી અમરેલી જિલ્લાનાં નંબર વન 'અમરેલી એકસપ્રેસ' ગુજરાત સમાચાર, અવધ ટાઈમ્સ, દિવ્યભાસ્કર જેવા નામાંકિત અખબારોમાં રિપોર્ટિંગ કરીને જી.એસ.ન્યુઝ, એબીપી અસ્મિતા બાદ હાલ દેશભરમાં લોકપ્રીય બી.બી.સી.ન્યુઝ અને પીટીઆઈ સાથે ગુજરાત રાજયમાં ઈલેકટ્રોનિક મીડિયામાં અભિગમથી અવ્વલના નેર્ધાર સાથે આરંભ થયેલી ગુજરાત નંબર ૧ ન્યુઝ ચેનલ ગુજરાત ફર્સ્ટ માં અમરેલી જિલ્લામાં રિપોર્ટર તરીકે સેવા આપતા ફારૂક કાદરીએ હવે દેશની એકમાત્ર નંબર ૧ ન્યુઝ ચેનલ આજતકમાં રિપોર્ટર તરીકે કામગીરીઓ કરી રહ્યા છે ગામડાઓની વ્યથા હોય કે જિલ્લાની સમસ્યા પણ કેમરા અને કલમ થકી દરેક મોરચે સફળ સાબિત થયેલા ફારૂક કાદરી સાવરકુંડલા સુન્ની મુસ્લિમ સમાજના પ્રમુખ પદે સેવા આપી ચૂકયા છે ફાઢક કાદરીના જન્મદિવસનાં અવસર પર રાજકીય, સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ અને વિશાલ મિત્ર વર્તુળ દ્વારા મો.૯૮૭૯૫ ૬૦૧૬૦ પર શુભેચ્છાઓ) પાઠવી રહ્યા છે.

### વડિયા જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ કેસમાં ચાલી જતા

## માયાવદર ગામે થયેલ મારામારીનાં ગુન્હામાં આરોપીને ૨ વર્ષની સજા

### રૂપિયા ૫ હજારનાં દંડનો પણ આદેશ



વલકુંભાઈ કેશુભાઈ ચારોલિયાને આ

અમરેલી, તા. ૩

વડિયા તાલુકાના માયાવદર ગામે થયેલ મારામારીના બનાવમાં આરોપીને ૨ વર્ષની કેદની સજા વડિયા કોર્ટે ફટકારી છે.

આ બનાવવાની વિગત એવી છે કે તા. ૨૬/૨/૨૦૨૦ ના રોજ અઢી વાગ્યા સુમારે માયાપાદર ગામે હાલ નો બનાવ બનેલ. જેમાં આ કામના ફરિયાદી અજાભાઈ કેશુભાઈ ચારોલિયાના કાકા કામના આરોપી એ હાથ માં ધોરિયું લઈને આવેલ અને ધોરિયાનો એક ધા આ કામના ઈજા પામનાર વલકુંભાઈ કેશુભાઈ ચારોલિયાને માથા ના ભાગે મારેલ તથા બીજો ઘા માથા ના ભાગે મારેલ અને ત્યાર પછી આરોપી ભાગી ગયેલ ત્યારબાદ ઈજા પામનારને અમરેલી દવાખાને લય ગયેલ ત્યારબાદ તેઓને રાજકોટ સરકારી દવાખાને રિફર કરવામાં આવેલ અને આ કામના ઈજા પામનારને માથામાં ગંભીર ઈજા થતાં આઠ ટાંકા આવેલ. ત્યારબાદ ભાવનગર હોસ્પિટલ ખાતે પોલીસે અ કામના આરોપી મહેશભાઈ કિસનભાઈ વાઘેલા વિરૂદ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૨૩, તથા ૩૨૬ મુજબની ફરિયાદ દાખલ કરીને તપાસ કરીને તે અંગેની ચાર્જશીટ વડીયા કોર્ટ સમક્ષ કરેલું હતું.

ત્યારબાદ આ કેશ વાડિયા જયુડી. મેજી રવિકુમાર આર. પરમાર સમક્ષ ચાલી જતાં તમામ સાહેદોની જુબાની, મૌખિક પુરાઓ તથા લેખિક પુરાવાને ધ્યાને લઈ ફરિયાદ પક્ષ પોતાનો કેસ પોતાનો કેસ આ કામના આરોપી વિરૂદ્ધ સાબિત કરવામાં સફળ થતાં આ કામના આરોપી મહેશભાઈ કિસનભાઈ વાઘેલાને ભારતીય દંડ સંહિતા કલમ–૩૨૪ ના ગુન્હા માં કસૂરવાર ઠરાવી ૨ વર્ષની સજાનો હુકમ કરવામાં આવેલા તથા રકમ ૫૦૦૦/– દંડ પણ ફટકારેલ હતો. આ કામે સરકાર તરફે સરકારી વકીલ એચ. કે. સોલંકી તથા તેની સાથે વિથ પ્રોસિકયુસન અડવોકેટ તરીકે આર.બી. બારેયા રોકાયેલ હતા.

## સા.કુંડલાનાં હાજી ઈમરાનભાઈ શેખાણી ઉમરાહની સફરે જવા રવાના



સાવરકુંડલા, તા. ૩

સાવરકુંડલા ખાતે થી હાજી ઈમરાનભાઈ શેખાણી ઉમરાહ હજની સફરે જતા તેઓનું સન્માન કરવા માં આવ્યું

સાવરકુંડલા મુસ્લિમ વેપારી આગેવાન હાજી ઈમરાનભાઈ હાજી હનીફભાઈ શેખાણી હજજે ઉમરાહ સફરે જતા તેઓનું શાનદાર સન્માન કરવા માં આવેલ હતું

પવિત્ર રમજાન શરીફમાં ઉમરાહની સફરે જવું અને રમજાનમાં ઉમરાહ કરવા ખૂબ મોટો સવા છે ત્યારે નેક પવિત્ર ઈન્સાન અને સખીદાતા હાજી ઈમરાનભાઈ શેખાણી મુબારક રમજાનમાં ઉમરાહ કરવા જવા રવાના થયેલ છે.

## સંકલ્પ શિક્ષિત અમરેલીનો, સંકલ્પ પરિવર્તનનો : જેનીબેન ઠુંમર

# કુંકાવાવ પંથકમાં કોંગી ઉમેદવારને સાંભળવા ભીડ ઉમટી



અમરેલી જિલ્લામાં લોકસભાની ચૂંટણી માહોલ બરોબર જામ્યો છે. ત્યારે અમરેલી જિલ્લામાં કોંગ્રેસ પક્ષ દ્વારા સૌથી નાની વયના મહિલા અને સૌથી શિક્ષીત ઉમેદવારને ચૂંટણી ઉમેદવાર બનાવ્યા છે. જેથી અમરેલી જિલ્લાના પ્રશ્નો દિલ્હીના દરબારમાં સારી રીતે રજુ થઈ શકે. કુંકાવાવ વિસ્તારના ગ્રામ્ય વિસ્તારના પ્રવાસ દરમ્યાન બહેનો દ્વારા જેનીબેન ઠુમ્મરનું ઠેર–ઠેર સ્વાગત થઈ રહ્યુ છે. શિક્ષીત અને યુવા વર્ગમાં જેનીબેન ઠુમ્મર જેવા શિક્ષીત ઉમેદવાર આવતા તેઓ પોતાના પ્રશ્નો સારી રીતે તેમની સાથે ચર્ચા કરી રહ્યા છે. આ ગ્રામ્ય પ્રવાસ દરમ્યાન જેનીબેન ઠુમ્મરે ગ્રામ્ય પ્રશ્નો અને રાહુલ ગાંધી અને ઈન્ડીયા ગઠબંધનના સંયુકત એજન્ડાની ચર્ચાઓ કરી હતી જેમાં ગ્રામ્ય સ્તરે સારૂ શિક્ષણ અને મફત શિક્ષણ મળી રહે તેવી વ્યવસ્થાઓ, ખેડૂતોને એમ.એસ.પી. મુજબના ભાવો મળે, ગ્રામ્ય વિસ્તારમાં દવાખાનાની સારી સુવિધાઓ મળે, બહેનો પગભર થાય તે માટે સરકારી કેન્દ્રો અને એન.જી.ઓ.ની મદદથી સ્વરોજગારીના કાર્યક્રમો ચલાવવા સહિતના મુદાઓની ચર્ચા કરી હતી. આ તકે પૂર્વ વિપક્ષ નેતા પરેશભાઈ ધાનાણીએ વર્તમાન કેન્દ્ર સરકારની નિતીરીતી સામે લોકોને જાગૃત કરી અને ખાતરના ભાવો, ખેડૂતોને કપાસના અને ડુંગળીના પાકમાં થયેલા અન્યાય અંગે ચર્ચા કરી હતી. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાત દ્વારા કેન્દ્ર સરકાર દ્વારા ઈડી, સી.બી.આઈ.ના દુરઉપયોગ અંગે પ્રહારો કરી અને કોંગ્રેસની સરકાર આવશે તો વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે માહિતી આપી હતી. આ તકે આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રમુખ નિકુંજભાઈ સાવલીયાએ ઈન્ડીયા ગઠબંધનની ચર્ચા કરી અને વર્તમાન સરકારાની અન્યાયકારી નિતીઓ અને દિલ્હીમાં કેજરીવાલ સરકારની મફત વિજળી, મફત શિક્ષણ સહિતના મુદાઓની ચર્ચા કરી હતી અને ઈન્ડીયા ગઠબંધનના અમરેલીના ઉમેદવાર જેનીબેન ઠુમ્મરના સમર્થન માટે મતદારોને અપીલ કરી હતી. આ તકે જેનીબેન ઠુમ્મરના પ્રવાસમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી (ઈન્ડીયા ગઠબંધન)ના આગેવાનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. જેમાં પૂર્વ વિપક્ષ નેતા પરેશભાઈ ધાનાણી, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, પૂર્વ જિલ્લા કોંગ્રેસ ડી. કે. રૈયાણી, જિલ્લા આમ આદમીના પ્રમુખ નિકુંજભાઈ સાવલીયા, ધર્મેશભાઈ પાનસુરીયા, રવજીભાઈ પાનસુરીયા, સુખાભાઈ વાળા, ગોરધનભાઈ ઘેવરીયા, વિઠ્ઠલભાઈ પટોળીયા, ભરતભાઈ વાળા, રાણીંગભાઈ મંત્રી, રમેશભાઈ વસાણી, ગીરધરભાઈ સાંગાણી, ભોળાભાઈ, દેવજીભાઈ રાઠોડ, બીપીનભાઈ વેકરીયા, દેવજીભાઈ વેકરીયા, નાગજીભાઈ વેકરીયા, હરેશભાઈ વોરા, ભુપતભાઈ બુહા, લાલજીભાઈ મકાણી, વિપુલભાઈ રૈયાણી, નિલેશભાઈ દેવમુરારી, પ્રવિણભાઈ વઘાસીયા, કાંતિભાઈ રાખશીયા, ભનાભાઈ ટોળીયા, કનુભાઈ રાઠોડ, મનસુખભાઈ રાખસીયા, દિલીપભાઈ ચૌહાણ, સત્યમભાઈ, બાબુભાઈ હિરપરા, ઓઢાભાઈ સરપંચ, કાળભાઈ ઉકાણી, સંજયભાઈ ઉકાણી, નરશીભાઈ કાનપરીયા, કાળુભાઈ હરખાણી, રવજીભાઈ પાઘડાળ, હકાભાઈ ગજેરા, હરેશભાઈ ઠોડવડીયા, ગોપાલભાઈ શિંગાળા, કિરણભાઈ પાઘડાળ, જયસુખભાઈ પાનસુરીયા, ઝવેરભાઈ ઠુમ્મર, છગનભાઈ હીરપરા, કાળા ભાઈ દેસાઈ, મગનભાઈ લિંબાસિયા, ભરતભાઈ હીરપરા સહિત વિશાળ સંખ્યામાં બહેનો અને મહિલાઓની વિશાળ સંખ્યામાં હાજરી, આગેવાનો, કાર્યકરો અને લોકો આ પ્રવાસમાં જોડાયા હતા.

### જાગૃત નાગરિકે ટી.ડી.ઓ.ને પત્ર પાઠવ્યો

## ગુંદરણમાં ચાલતા વિકાસ કાર્યોની તટસ્થ તપાસ કરવાની માંગ

### પેમેન્ટ ન કરવા માંગ કરાઈ

લીલીયા મોટા, તા. ૩

લીલીયા મોટાના ગુંદરણ ગામના જાગૃત નાગરિક અલ્પેશભાઈ સોલંકીએ ટી.ડી.ઓ.ને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ગુંદરણ ગ્રામ પંચાયતમાં ભુર્ગભ ગટર અને એક બ્લોક રોડનું કામ ચાલુ છે. તેમા નિયમોનું પાલન થયેલ હોય તેવું લાગતું નથી. આ બન્ને કામ પુર્ણ થાય ત્યારે તેનું પંચરોજકામ, અને સેમ્પલ લેવામાં આવે અને તે સેમ્પલને સરકારી ગેરી લેબમાં મોકલામાં આવે અને સરકારી ગેરી લેબનાં પ્રમાણપત્રો આવ્યા પછી જ થયેલ કામના બીલ ચુકવવામાં આવે.

### પોલીસ અધિક્ષકની સુચનાથી સ્થાનિક પોલીસનો સપાટો

## બાબરાનાં ખંભાળા ગામની સીમમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો મસમોટો જથ્થો ઝડપાયો

### અલગ–અલગ બ્રાન્ડની ૫૭૯ બોટલ કબ્જે કરવામાં આવી

બાબરા, તા. ૩

બાબરા તાલુકાના ખંભાળા ગામની સીમમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂની અલગ અલગ બ્રાંડની બોટલો નંગ– ૫૭૯ કિંમત રૂા. ૧,૧૯,૨૬૩ નો મુદ્દામાલ પકડી પાડી બાબરા પોલીસ ટીમે ધોરણસર કાર્યવાહી હાથ ધરતા બુટલેગરો ફફડાટ ફેલાઈ જવા પામેલ છે.

આ બનાવમાં મળતી વિગત મુજબ અમરેલી પોલીસ અધિક્ષક હિંમકરસિંહે અને વિભાગીય પોલીસ અધિકારી ચિરાગ દેસાઈએ અમરેલી જીલ્લામાંથી દારૂ–જુગારની પ્રવૃત્તિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ દરોડા કરવા અને દારૂ જુગારની પ્રવૃત્તિ કરતા ઈસમોને પકડવા જરૂરી માર્ગદર્શન પુરૂ પાડેલ હોય. જે અન્વયે ગઈકાલે બાબરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. સી.એસ. કુગસીયાની રાહબારી હેઠળ બાબરા પોલીસ સ્ટેશનની ટીમ ખંભાળા બીટ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમીરાહે હકિકત મળેલ કે ખંભાળા ગામે ભગાધારવાળુ નામે ઓળખાતી સીમમા જયંતિભાઈ ગાંડાભાઈ બાવળીયા (રહે. ઈતરીયા તા. ગઢડા) વાળો ઈસમ પોતાની વાડીએ આવેલ ઓરડીમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ વેચાણ માટે રાખેલ છે. તેવી હકીકત મળતા હકિકતવાળી જગ્યાએ જઈ રેઈડ કરતા ભારતીય બનાવટનો વિદેશી દારૂની અલગ અલગ બ્રાંડની બોટલો નંગ–૫૭૯ કિંમત રૂા. ૧,૧૯,૨૬૩નો મુદ્દામાલ પકડી પાડી અને આરોપી જયંતિભાઈ ગાંડાભાઈ બાવળીયા (રહે. ઈતરીયા, તા. ગઢડા) વાળાની શોધખોળ આદરી બાબરા પોલીસ ટીમે ધોરણસર કાર્યવાહી હાથ ધરતા બુટલેગરોમાં ફફડાટ ફેલાઈ જવા પામેલ છે.


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા





ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦




સંકુલ ગર્લ્સ સ્કૂલ – ગર્લ્સ કોલેજ – ગર્લ્સ હોસ્ટેલ પ્રવેશ
KG થી PG સુધીનું નિવાસી ગર્લ્સ કેમ્પસ – Since 1997
★ અધ્યતન સ્કૂલ–કોલેજ–હોસ્ટેલ–મેસ–લેબ–લાઈબ્રેરી–ઓડીટોરીયમ–વાંચનાલય
★ ડેઈલી હોમવર્ક ટેસ્ટ – કોર્સ પૂર્ણ થયે ડેઈલી રીપીટેડલી પરિક્ષા – ત્રિછન પરિક્ષા
★ ઈ લર્નિંગ – ઈ લાઈબ્રેરી – ઈ લેંગ્વેઝ લેબ – ડેમોલેબ – સેમીનાર – DG-RG-IG
★ ખેલકૂદ – સાહિત્ય કલા – ગીત સંગીત – સાંસ્કૃતિક & 31 ની સ્પર્ધાઓ
★ NCC-NSS – સ્પોર્ટસ – સ્વીમીંગ – ડેઈલી રીડીંગ બેલ – સન્ડે મુવી & ગરબા
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)












### અમે વાત કરીશું હવે પાર્ટી નિર્ણય કરશે : ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

# ભાજપ-ક્ષત્રિય સમાજ વચ્ચેની બેઠક નિષ્ફળ રૂપાલાની ટિકિટ રદ્દ કરવાની માંગ પર અડગ

### ભાજપ નેતાઓ અને ક્ષત્રિય સમાજના આગેવાનો વચ્ચે બે કલાક સુધી બેઠક ચાલી હતી : ક્ષત્રિય સમાજ પરષોત્તમ રૂપાલાને માફ કરવા તૈયાર નથી

અમદાવાદ, તા.૩

રાજકોટ લોકસભાના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાનાં નિવેદન બાદ ક્ષત્રિય સમાજનાં લોકોમાં રોષે ભરાયા હતા. તેમજ ઠેર ઠેર વિરોધ થયો હતો. જે અનુસંધાને આજે ભાજપનાં ક્ષત્રિય નેતાઓ તેમજ ક્ષત્રિય સમાજની કોર કમિટીની બેઠક મળી હતી. લોકસભા ચૂંટણી જાહેર થતા બાદ તમામ પાર્ટીઓ દ્વારા ઉમેદવારો જાહેર કરી દેવામાં આવ્યા છે. રાજકોટ લોકસભા સીટ પર ભાજપ દ્વાર પરુષોતમ રૂપાલાને ઉમેદવાર તરીકે જાહેર કર્યા બાદ તેઓ દ્વારા પુર જોશમાં પ્રચાર પ્રસાર શરૂ કરી દીધો હતો. થોડા દિવસ પહેલા પરષોતમ રુપાલા દ્વારા એક સભામાં ક્ષત્રિય સમાજ પર ટિપ્પણી કરતા વિવાદ સર્જાયો હતો. ત્યારે તે વિવાદ ધીમે ધીમે વધતા ક્ષત્રિય સમાજ દ્વારા પરષોતમ રુપાલાની જગ્યાએ અન્ય કોઈ પણ ઉમેદવારની ટીકીટ આપવાની માંગ ઉચ્ચારી હતી. જેને લઈ આજે ભાજપનાં ક્ષત્રિય નેતાઓ તેમજ ક્ષત્રિય સમાજની કોર કમિટીનિ બેઠક મળી હતી.

આ બેઠકમાં બાદ ભૂપેન્દ્રસિંહ ચુડાસમાનાં અધ્યક્ષ સ્થાને પત્રકાર પરિષદ પણ યોજાઈ હતી. જેમાં ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, આજે તરત જ અમે બેઠક બોલાવી હતી. તેમજ આ બેઠકમાં ક્ષત્રિય સમાજની કોર કમિટીનાં સભ્યો હાજર હતા. તેમજ મે કોર કમિટી સમક્ષ વાત કરી છે. ૩-૩ વખત માફી માંગવામાં આવી હતી. ત્યારે આ બાબતે પાર્ટી વિચાર કરશે. તેમજ રુપાલાએ અનેક વખત માફી માંગી છે. પણ હજુ નિરાકરણ આવ્યું નથી. અમે પાર્ટીને અમારી વાત કરીશું. ત્યારે બાદ પાર્ટી નિર્ણય કરશે. તેમજ બીજી બેઠક નહી થાય.પુરુષોત્તમ રૂપાલાના વિવાદિત નિવેદનને લઈ રાજપૂત સમાજમાં રોષ ભભૂક્યો છે. ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ સાથે ભાજપના ક્ષત્રિય આગેવાનોની મિટિંગ યોજાઈ છે. ત્યારે ગોતા વિસ્તારમાં આવેલા રાજપૂત ભવન ખાતે આજે રાજપૂત સમાજની મુખ્ય કોર કમિટીની બેઠક મળી હતી. પરંતુ હાલ રૂપાલાની મુસીબત વધી ગઈ હોય તેવું જણાઈ રહ્યું છે. રાજપૂત સમાજ દ્વારા ભાજપના ક્ષત્રિય આગેવાનો સાથે બેઠક કરી અને સમાધાન કરવામાં આવે તેવી શક્યતા વ્યક્ત કરાઈ રહી હતી, પણ રૂપાલાની ટિકિટ રદની માંગ પર ક્ષત્રિય સમાજ અડગ રહ્યો હતો. ભાજપ નેતાઓ અને ક્ષત્રિય સમાજના આગેવાનો વચ્ચેની બેઠક નિષ્ફળ રહી હતી. ક્ષત્રિય સમાજ રૂપાલાને માફ કરવા તૈયાર નથી.

મહત્વનું છે કે, ગઈકાલે પ્રદેશ પ્રમુખના નિવાસસ્થાને મુખ્યમંત્રીની હાજરીમાં સમાજના આગેવાનોને બોલાવી રૂપાલાના વિવાદ માટે સમાજના સંકલન સમિતિ સાથે બેઠક કરવા જણાવ્યું હતું. સંકલન સમિતિની કોર કમિટી હાજર હતી. આ મીટિંગ બાદ ભાજપના નેતાઓએ પ્રેસ કોન્ફરન્સ કરીને વિગતવાર માહિતી આપી છે. તેમણે જણાવ્યું કે, અમે કમિટી સમક્ષ વાત કરી છે કે રૂપાલાએ ૨ વાર માફી માંગી, ૨ વાર સમાચાર પત્રમાં ક્ષત્રિયોની માફી માંગી છે, તો મોટું મન રાખીને માફ કરવા આહ્વાન કર્યું. અમે બધાને સાંભળ્યા બધાએ કહ્યું કે રૂપાલાને ખસેડી લે એના સિવાય અમને કઈ મંજૂર નથી. અમારી હાજરીમાં ક્ષત્રિય સમાજની કોર કમિટીએ સર્વાનું મતે જણાવ્યું માફી મંજૂર નથી. આ સાથે જ હવે રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર રૂપાલાની મુસીબત વધી ગઈ છે. ક્ષત્રિયો સમાજે ચોખ્ખું કહી દીધું છે કે રૂપાલાને માફી નહિ મળે, ટિકીટ કાપવામાં આવે. હવે પાર્ટી અંતિમ નિર્ણય કરશે.

ભાજપ આગેવાનોનું પ્રેસ સંબોધન પત્યા બાદ બીજી તરફ ઉપર હોલમાં રાજપૂત સમાજ આગેવાનોએ સંબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, રૂપાલાના બદલાવ સિવાય અમને કઈ નહીં ચાલે. ફક્ત ગુજરાતનો નહીં પણ ભારત દેશનો ક્ષત્રિય સમાજ રૂપાલાને નહીં સ્વીકારે. ભાજપ ઉમેદવાર બદલે એનાથી ઓછું અમને નહીં ચાલે. જે નૈતિક અધઃપતન થયું એ સ્વીકાર્યું નથી. અમે તમામ સમાજને આહવાન કરીએ છીએ કે દેશનું જાહેર જીવન જળવાય. આઝાદી પહેલાના અને આઝાદી સમયના બલિદાનનું અપમાન સ્વીકાર્ય નથી. અમે ભાજપ આગેવાનો સાથે શાંતિપૂર્ણ વાત કરી છે, અમારી માંગણી એક જ છે. આજે ભાજપના નેતાઓ સાથે સમાજના સાત આગેવોની બેઠક હતી. લોકશાહીમાં સંવાદની પ્રક્રિયા હોય છે. ગુજરાત સરકાર અને ભાજપ તરફથી કેટલીક વાત અમે રાજપૂત સમાજ સમક્ષ વ્યક્ત કરવા આવ્યા હતા. અમારા તમામ સંગઠનો વતી અમે એમને વાત કરી. અમે સમગ્ર ક્ષત્રિય સમાજ તરફથી એક જ વાત કરી કે રાજકોટ બેઠકના ભાજપના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાને બદલવા સિવાય કોઈ વાત નહીં થાય. પહેલા પણ આજ વલણ હતું, હમણાં પણ આજ છે અને આગળ પણ આજ રહેશે. આગળના સમયમાં દેખાવો ચાલુ જ રહેશે. તમારા હાઈકમાન્ડને જણાવજો કે ગુજરાતમાં ૭૫ લાખ ક્ષત્રિયોને દેશમાં ૨૨ કરોડ ક્ષત્રિય છે. રૂપાલા મહત્વના છે કે અન્યોએ નક્કી કરજો. આ બેઠક છેલ્લી બેઠક હતી.

આ સાથે જ ક્ષત્રિયોની કમિટી બેઠકે આવતીકાલે સાંજે ૫ વાગ્યા સુધીનો સમય માંગ્યો છે. રૂપાલા મામલે હવે કોઈ બેઠક નહીં થાય. સમાજની કેટલીક માતા બહેનોએ જોહર કરવાની વાત કરી હતી, પણ એવું કરવાની જરૂર નહીં પડે. સમાજ એક જ છે અને રહેશે. અમારા તરફથી યુદ્ધનું મેદાન હવે ફક્ત રાજકોટ નહીં પણ બધે જ રહેશે. આ આંદોલન ફક્ત રૂપાલા સામે છે. જો ઉમેદવાર નહીં બદલાય તો રાજ્યની ૨૬ બેઠકો ઉપર તેની અસર થશે. અમારા ૪૦૦ જ્ઞાતિજનો રાજકોટ સહીત તમામ બેઠકો પર અપક્ષ ઉમેદવારી કરશે. આગામી સમયમાં વધુ રણનીતિ સાથે આગળ વધીશું.

### ઓપિનિયન પોલ કેજરીવાલની ધરપકડ બાદ હાથ ધરાયો

# દિલ્હીમાં તમામ સાત બેઠકો ભાજપને ફાળે જઈ શકે છે

### આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ ગઠબંધનને દિલ્હીમાં શૂન્ય બેઠક મળી શકે છે : ઓપિનિયન પોલના તારણ

નવી દિલ્હી, તા.૩

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ હાલ તિહાડ જેલમાં બંધ છે. આ બધા વચ્ચે દેશમાં લોકસભા ચૂંટણીના કારણે દરેક પક્ષોનો પ્રચાર પણ ચરમસીમાએ પહોંચ્યો છે. દિલ્હીમાં હાલ આ લોકસભા ચૂંટણીમાં વિપક્ષ નવા પ્રયોગ સાથે મેદાનમાં ઉતર્યો છે અને એકબીજાના ધૂર વિરોધી રહેલા આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ આ વખતે ભેગા થઈને ભાજપનો સામનો કરી રહ્યા છે. કોંગ્રેસ ૩ લોકસભા બેઠકો પર તો આમ આદમી પાર્ટી ચાર લોકસભા બેઠકો પર ચૂંટણી લડી રહ્યા છે.

લોકસભા ચૂંટણી ઢૂંકડી છે ત્યારે મતદાન પહેલા ઈન્ડિયા ટીવી અને CNX એ કરાવેલા ઓપિનિયન પોલના તારણો સામે આવ્યા છે. આ ઓપિનિયન પોલ અરવિંદ કેજરીવાલની ધરપકડ બાદ હાથ ધરાયો હતો. પોલ મુજબ દિલ્હીની તમામ ૭ બેઠકો પર ભાજપ ૨૦૧૪ અને ૨૦૧૯ની જેમ જ જબરદસ્ત પ્રદર્શન કરી શકે છે. દિલ્હીમાં તમામ ૭ બેઠકો ભાજપને ફાળે જઈ શકે છે. જ્યારે આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ ગઠબંધનને દિલ્હીમાં શૂન્ય બેઠક મળી શકે છે.

બંને પક્ષોની સ્થિતિ ૨૦૧૪ અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં પણ આવી જ જોવા મળી હતી. જો આ ઓપિનિયન પોલના તારણો સાચા ઠર્યા તો સ્પષ્ટ છે કે દિલ્હીની સીટો પર ગઠબંધનની કોઈ અસર નહીં થાય કે અરવિંદ કેજરીવાલની ધરપકડનો પાર્ટીને પણ કોઈ ફાયદો નહીં થાય. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં બંને પક્ષો અલગ અલગ ચૂંટણી લડી રહ્યા હતા અને ભાજપને દરેક સીટ પર ૫૨ ટકાથી વધુ મત મળ્યા હતા. જો ૨૦૧૯ના આંકડા પર નજર ફેરવીએ તો આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ મળીને પણ ભાજપને માત આપી શકે તેમ નહતા. ઓપિનિયન પોલ મુજબ પંજાબમાં આમ આદમી પાર્ટીને મોટો ઝટકો મળી શકે છે. ૨ વર્ષ પહેલા બહુમત સાથે સત્તામાં આવેલી આપને લોકસભા ચૂંટણીમાં માત્ર ૬ બેઠકો મળી શકે છે. જ્યારે કોંગ્રેસ અને ભાજપને ૩-૩ બેઠકો પર જીત મળી શકે છે. જ્યારે શિરોમણી અકાલી દળને એક બેઠક મળી શકે છે. ઈન્ડિયા ગઠબંધન હેઠળ આપ અને કોંગ્રેસ બંને તેમાં સામેલ છે પરંતુ પંજાબમાં સ્થિતિ અલગ છે કારણ કે પંજાબમાં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ એકબીજાની જોડે નહીં પણ સામે છે. જેનું નુકસાન પણ થતું દેખાઈ રહ્યું હોય તેવું લાગે છે.

### હરિયાણામાં કોંગ્રેસને મોટો ફટકો

# બોક્સર વિજેન્દર સિંહ કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા

### ભાજપ હેડક્વાર્ટર ભાજપના મહાસચિવ વિનોદ તાવડેની ઉપસ્થિતિમાં બોક્સર વિજેન્દ્ર સિંહને ખેસ પહેરાવાયો

નવી દિલ્હી, તા.૩

લોકસભા ચૂંટણી ૨૦૨૪ પહેલા આંતરરાષ્ટ્રીય બોક્સર વિજેન્દર સિંહ કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા છે. વિજેન્દર સિંહ બીજેપી હેડક્વાર્ટર પહોંચ્યા અને પાર્ટીની સદસ્યતા લીધી. ભાજપ હેડક્વાર્ટર ભાજપના મહાસચિવ વિનોદ તાવડેની ઉપસ્થિતિમાં વિજેન્દ્રને ખેસ પહેરાવાયો છે. અગાઉ એવી ચર્ચા હતી કે કોંગ્રેસ વિજેન્દ્રને મથુરાથી ભાજપના ઉમેદવાર હેમા માલિની સામે મેદાનમાં ઉતારી શકે છે. સિંહને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં દક્ષિણ દિલ્હી બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર બનાવવામાં આવ્યા હતા. આ ચૂંટણીમાં તેમને હારનો સામનો કરવો પડ્યો હતો.ભાજપ મહાસચિવ તાવડેએ કહ્યું કે, 'વિજેન્દ્ર સિંહ વિકસિત ભારતનો સંકલ્પ પૂરો કરવા માટે ભાજપમાં જોડાયો છે. તેમના આવવાથી પાર્ટી વધુ મજબૂત થશે અને લક્ષ્ય તરફ આગળ વધશે.' જ્યારે વિજેન્દ્રએ કહ્યું કે, 'મારી ઘરવાપસી થઈ છે, ખૂબ સારુ લાગી રહ્યું છે. દેશ-વિદેશમાં ખેલાડીઓનું સન્માન વધ્યું છે. જ્યારથી ભાજપ સરકાર આવી છે, ત્યારથી ખેલાડીઓને ફાયદો થયો છે. હું પહેલાવાળો જ વિજેન્દ્ર છું. ખોટાને ખોટો કહીશ અને સાચાને સાચો કહીશ.'વિજેન્દર સિંહે ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલા જ કોંગ્રેસમાં જોડાઈને રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. કોંગ્રેસે તેમને દક્ષિણ દિલ્હી બેઠક પરથી ટિકિટ આપી હતી, પરંતુ તેઓ ભાજપના રમેશ બિધુરી સામે હારી ગયા હતા. બોક્સર વિજેન્દર સિંહ હરિયાણાનો છે અને જાટ સમુદાયનો મોટો ચહેરો છે. આવી સ્થિતિમાં ભાજપ હરિયાણા અને પશ્ચિમ ઉત્તર પ્રદેશ માટે તેમના દ્વારા જાટ સમુદાય સુધી પહોંચી શકે છે. વિજેન્દર સિંહ હંમેશા રાજ્ય અને કેન્દ્ર સરકાર વિરુદ્ધ અવાજ ઉઠાવતા રહ્યા છે.હરિયાણામાં રાજ્ય સરકાર ભાજપની છે અને કેન્દ્રમાં પણ ભાજપની સરકાર છે. જો કે હવે વિજેન્દર સિંહ પોતે ભાજપમાં જોડાઈ ગયા છે.વિજેન્દર સિંહે તાજેતરમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની પોસ્ટ શેર કરી હતી, જેના દ્વારા તેમણે ભાજપ પર નિશાન સાધ્યું હતું. વાસ્તવમાં એક વીડિયો દ્વારા રાહુલ ગાંધીએ ભાજપ સરકાર સામે સવાલ ઉઠાવ્યો હતો કે યુવાનોને નોકરી કેમ નથી મળી રહી? આ સવાલને સમર્થન આપતા વિજેન્દર સિંહે પણ આ પોસ્ટ શેર કરી છે. જેના બીજા જ દિવસે વિજેન્દ્ર સિંહ ભાજપમાં જોડાયા.

### રાજનીતિમાંથી સંન્યાસની અટકળો

# મને કેન્સર છે, ભાજપના નેતા સુશીલ કુમાર મોદીએ જાહેર કર્યું

### ગંભીર બીમારીથી પીડિત પૂર્વ ડે. સીએમ સુશીલ મોદી ચાલુ સારવારના કારણે ચૂંટણીમાં પ્રચાર નહીં કરી શકે

પટણા, તા.૩

બિહારના પૂર્વ ઉપમુખ્યમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા સુશીલ કુમાર મોદીને કેન્સર થયું છે. ગંભીર બીમારીથી પીડિત પૂર્વ ડેપ્યુટી સીએમ સુશીલ મોદી ચાલુ સારવારના કારણે લોકસભા ચૂંટણીમાં પ્રચાર નહીં કરી શકે. મોદીએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ લખીને કેન્સર વિશે જણાવ્યું છે. તેમણે લખ્યું- "હું છેલ્લા ૬ મહિનાથી કેન્સર સામે લડી રહ્યો છું. હવે મેં વિચાર્યું કે હવે લોકોને કહેવાનો સમય આવી ગયો છે. લોકસભાની ચૂંટણીમાં હું કશું કરી શકીશ નહીં. મેં પીએમને બધું જ કહી દીધું છે. સુશીલ મોદી બિહારમાં ભાજપના દિગ્ગજ નેતા છે. તેમનું રાજ્યસભાનું સભ્યપદ આ વર્ષે સમાપ્ત થયું. જ્યારે ભાજપે તેમને ફરીથી રાજ્યસભાના સાંસદ ન બનાવ્યા તો તેમના લોકસભા ચૂંટણી લડવાને લઈને અટકળો શરૂ થઈ ગઈ. જોકે, ભાજપના ઉમેદવારની યાદી આવ્યા બાદ તેઓ ચૂંટણી નહીં લડે તેવું પણ સ્પષ્ટ થઈ ગયું હતું. છેલ્લા કેટલાક મહિનાઓથી તેઓ જાહેર મંચોથી દૂર જ રહે છે. જો કે તેઓ સોશિયલ મીડિયા પર પૂરી રીતે એક્ટિવ રહે છે. સુશીલ મોદીએ પટના યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ યુનિયનની ચૂંટણી સાથે રાજકારણમાં પ્રવેશ કર્યો હતો અને જ્યારે તેઓ મહાસચિવ તરીકે ચૂંટાયા ત્યારે તેમના કટ્ટર રાજકીય હરીફ લાલુ યાદવે તેના પ્રમુખ પદની જીત મેળવી હતી. જયપ્રકાશ નારાયણના સંપૂર્ણ ક્રાંતિના આહ્વાન પર સુશીલ મોદી આંદોલનમાં કૂદી પડ્યા હતા અને તેમની ધરપકડ બાદ તેમને ૧૯ મહિના સુધી જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા. મોદીએ ઈન્દિરા ગાંધી સરકાર દ્વારા લાવવામાં આવેલા મીસા કાયદાને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો અને તેની એક દમનકારી કલમને દૂર કરવામાં સફળતા મેળવી હતી. ઈમરજન્સી બાદ સુશીલ મોદીને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના રાજ્ય સચિવ બનાવવામાં આવ્યા હતા. ૧૯૯૦માં, તેમણે પટણા સેન્ટ્રલ મતવિસ્તારમાંથી પ્રથમ વખત ચૂંટણી લડી હતી અને સતત ત્રણ વખત જીત્યા હતા. ૧૯૯૬થી ૨૦૦૪ સુધી સુશીલ મોદી ભાજપના નેતા અને બિહાર વિધાનસભામાં વિપક્ષના નેતા રહ્યા હતા. લાલુ યાદવ સામે પશુપાલન વિભાગમાં ઘાસચારા કૌભાંડનો કેસ સુશીલ મોદીએ હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી દ્વારા દાખલ કર્યો હતો, જેમાં લાલુ પાછળથી ખરાબ રીતે ફસાઈ ગયા હતા. ૨૦૦૪માં સુશીલ મોદી પહેલીવાર સંસદ પહોંચ્યા હતા જ્યારે તેમણે ભાગલપુર લોકસભા સીટથી ચૂંટણી લડી હતી અને જીત મેળવી હતી. બિહારમાં નીતિશ કુમારના નેતૃત્વમાં એનડીએની સરકાર બન્યા બાદ સુશીલ મોદી મંત્રી અને ત્યારબાદ ડેપ્યુટી સીએમ બન્યા હતા, ૨૦૨૦ સુધી જ્યારે પણ નીતિશ એનડીએમાં હતા ત્યારે તેમના ઉપમુખ્યમંત્રી હતા. આ દરમિયાન સુશીલ મોદી વિધાન પરિષદના સભ્ય બનતા રહ્યા. ૨૦૨૦માં સુશીલ મોદીને ભાજપે બિહારમાંથી હટાવીને રાજ્યસભામાં મોકલી દીધા હતા. એક સમયે લાલકૃષ્ણ અડવાણીની નજીક રહેલા સુશીલ મોદીને કેન્દ્ર સરકારમાં મંત્રી બનવાની અનેક વખત અટકળો લગાવવામાં આવી હતી પરંતુ તેમને તક મળી ન હતી. સુશીલ મોદી બિહારના એવા ગણ્યાગાંઠ્યા રાજકારણીઓમાંના એક છે જેમને રાજ્યના બંને ગૃહો એટલે કે વિધાનસભા અને વિધાન પરિષદ અને દેશની સંસદના બંને ગૃહો એટલે કે લોકસભા અને રાજ્યસભાના સભ્ય બનવાની તક મળી છે.

### દેશભરના મોબાઇલ યૂઝર્સ માટે સરકારનો મોટો નિર્ણય

# તમારા સ્માર્ટફોનમાં કોલ ફોરવર્ડિંગ સર્વિસ બંધ થશે

### આ આદેશ અંતગર્ત ૧૫ એપ્રિલ ૨૦૨૪ બાદ તમારા સ્માર્ટફોનમાં કોલ ફોરવર્ડિંગ સર્વિસ બંધ થઇ જશે

નવી દિલ્હી, તા.૩

દેશમાં ઓનલાઈન ફ્રોડના કેસમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. પરંતુ હવે સરકારે તેજીથી વધી રહેલા ઓનલાઈન ફ્રોડના નીવેડા માટે એક મોટો નિર્ણય લીધો છે. ટેલીકોમ ડિપાર્ટમેન્ટે એરટેલ અને જિયો સહિત તમામ ટેલીકોમ કંપનીઓને USSD કોડ્સનો ઉપયોગ કરી કોલ ફોરવર્ડિંગ બંધ કરવાનો આદેશ આપ્યો છે. આ આદેશ અંતગર્ત ૧૫ એપ્રિલ ૨૦૨૪ બાદ તમારા સ્માર્ટફોનમાં કોલ ફોરવર્ડિંગ સર્વિસ બંધ થઈ જશે. અહીં અમે તમને જણાવીશું કે USSD કોડ અને કોલ ફોરવર્ડિંગ સર્વિસ શું છે. કેવી રીતે તેના દ્વારા સ્કેમર્સ તમને પોતાનો ટાર્ગેટ બનાવે છે અને આ સ્કેમર્સ પર શકંજો કસવા માટે સરકારે શું તૈયારી કરે છે. તો ચાલો જાણીએ.સૌથી પહેલાં જાણીએ કે USSD કોડ શું છે (what is a USSD Code) ?.... આ એક શોર્ટ કોડ હોય છે જેને મોબાઈલ યૂઝર્સ બેલેન્સ અથવા ફોનના IMEI નંબર જાણવા માટે ડાયલ કરે છે. સરળ શબ્દોમાં કહીએ તો USSD એક એવું ફીચર છે જેની મદદથી એક કોડ ડાયલ કરીને ઘણી સર્વિસીસને કોઇ નંબર પર એક્ટિવ અને ઈનએક્ટિવ કરી શકાય છે. IMEI નંબર પણ USSD કોડ વડે જાણી શકાય છે. હવે ચાલો જાણીએ કે કોલ ફોરવર્ડિંગ સર્વિસ શું છે? અને તેનાથી શું-શું નુકસાન છે? કોલ ફોરવર્ડિંગ સેવા દ્વારા તમારા મોબાઈલ નંબર પર આવતા કોલ્સ અથવા મેસેજ કોઈપણ અન્ય નંબર પર ફોરવર્ડ કરી શકાય છે. જો યૂઝર્સ *401# ડાયલ કર્યા પછી અજાણ્યા નંબર પર કોલ કરે છે, તો યૂઝર્સના મોબાઈલ પર પ્રાપ્ત થયેલા તમામ કોલ કોલરના સ્કેનર ફોન પર 'ફોરવર્ડ' કરવામાં આવે છે. એટલે કે, તમારા કોલ-મેસેજની એક્સેસ કોઈ બીજાના હાથમાં જાય છે. આ તે પદ્ધતિ છે જેનો સ્કેમર્સ હાલમાં ઘણો ઉપયોગ કરી રહ્યા છે. આ અમે કહી રહ્યા નથી, પરંતુટેલિકોમ વિભાગે જ લોકોને આ અંગે ચેતવણી આપી છે. જેમાં કહેવામાં આવ્યું હતું કે સ્કેમર્સ USSD કોડ *401# દ્વારા ઓનલાઈન છેતરપિંડી કરી રહ્યા છે. તેમાં સ્કેમર્સ તમારા નંબર પર કોલ કરીને તમને કહે છે કે અમે તમને ટેલીકોમ પ્રોવાઇડર કંપનીમાંથી વાત કરી રહ્યા છીએ અને અમે આ નોટિસ કર્યું છે કે તમે નંબર પર નેટવર્કની સમસ્યા આવી રહી છે. પછી તમને જાળમાં ફસાવવા માટે કહે છે કે નેટવર્કની સમસ્યાને દૂર કરવા માટે તમારે *401# નંબર ડાયલ કરવો પડશે. હવે જેવો જ આ નંબર ડાયલ કરશે, તમને તે કોઈ અજાણ્યા નંબર પર કોલ કરવા માટે કહેશે. ત્યારબાદ તમારા ફોન પર આનવાર કોલ મેસેજ અને કોલ સ્કેમરના ફોન પર ફોરવર્ડ થઈ જશે. ટેલિકોમ વિભાગે તાજેતરમાં એક નોટિસ જાહેર કરી છે, જેમાં કહેવામાં આવ્યું છે કે જે યૂઝર્સએ USSD-બેસ્ડ કોલ ફોરવર્ડિંગ સેવા એક્ટિવ કરી છે, તેમને ઓપ્શનલ રીતે કોલ ફોરવર્ડિંગ સેવાઓને ફરીથી એક્ટિવ કરવા માટે કહેવામાં આવી શકે છે. જેમાં તે સુનિશ્ચિત કરવામાં આવે છે કે આવી સેવાઓ તમારી જાણ વગર સક્રિય કરવામાં આવશે નહીં. આ નિર્ણય ઓનલાઈન છેતરપિંડી રોકવા માટે લેવામાં આવ્યો છે, કારણ કે ટેલિકોમ વિભાગ (DoT)નું માનવું છે કે USSD આધારિત કોલ ફોરવર્ડિંગ સેવાનો ઉપયોગ ઓનલાઈન કૌભાંડો અને મોબાઈલ ફોન સંબંધિત છેતરપિંડીઓમાં થઈ રહ્યો છે.

### અયોધ્યામાં ભારે ભીડ એકત્ર થવાની આશા

# ભગવાન રામની જન્મજયંતિ ભવ્ય મંદિર ખાતે ઉજવાશે

### જિલ્લા પ્રશાસને પણ ટ્રસ્ટને રામ નવમીના તહેવાર પર રામ મંદિર આખો દિવસ ખોલવાની વિનંતી કરી છે

અયોધ્યા, તા.૩

જો તમારે ચૈત્ર મહિનામાં રામ નવમી દરમિયાન ભગવાન રામની નગરી અયોધ્યા જવું હોય અને જો તમે અહીં ભગવાન રામની જન્મજયંતિમાં ભાગ લેવા માંગો છો, તો આ સમાચાર તમારા માટે મહત્વપૂર્ણ છે. અયોધ્યામાં ભગવાન રામના જન્મની ઉજવણી વધુ ઐતિહાસિક બની રહેશે કેમ કે મંદિર બન્યા પછી આ પહેલી રામનવમી હશે. કારણ કે પ્રથમ વખત ભગવાન રામની જન્મજયંતિ ભવ્ય મંદિરમાં ઉજવવામાં આવશે. હવે રામ મંદિર ટ્રસ્ટ અને અયોધ્યા જિલ્લા પ્રશાસને આ અંગે તૈયારીઓ શરૂ કરી દીધી છે. રામનવમીના તહેવાર પર અયોધ્યામાં ભારે ભીડ એકત્ર થવાની આશા છે.

રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ અને જિલ્લા પ્રશાસન લોકોને અપીલ કરી રહ્યા છે કે તેઓ પોતપોતાના સ્થળોએ રામ નવમી ઉજવે અને અલગ-અલગ તારીખે અયોધ્યા આવે. જો ભકતો અલગ-અલગ તારીખે અયોધ્યા આવે છે. તેઓ સુલભ રીતે રામલલ્લાના સારા રીતે દર્શન કરી શકશે. આ સાથે જિલ્લા પ્રશાસને પણ ટ્રસ્ટને રામ નવમીના તહેવાર પર રામ મંદિર આખો દિવસ ખોલવાની વિનંતી કરી છે. જિલ્લા પ્રશાસને વાહનોના પાર્કિંગ માટે ૩૫ સ્થળોની જાણ કરી છે. ડીએમ નીતિશ કુમારે કહ્યું કે, દેશવાસીઓને અપીલ છે. અયોધ્યામાં રામ મંદિરમાં તો ઉજવણી થશે જ પણ ભકતોએ પોતપોતાના ગામ, શહેરમાં રામ નવમીની ઉજવણી કરવી જોઈએ. ગ્રામીણ વિસ્તારોમાં પણ લોકો રામ નવમીની ઉત્સાહભેર ઉજવણી કરે છે. જો શ્રદ્ધાળુઓ અલગ-અલગ તારીખે અયોધ્યા આવશે તો તેઓ સારી અને સુવિધાજનક રીતે રામલલ્લાના દર્શન કરી શકશે.

ડીએમએ કહ્યું કે, રામ નવમી પર મહાનગરપાલિકાને વિવિધ સ્થળોએ શેડ લગાવવા માટે કહેવામાં આવ્યું છે. મેળા વિસ્તારમાં હંગામી મેડિકલ કેમ્પ પણ ગોઠવવામાં આવશે. અહીં પાર્કિંગ માટે ૩૫ જગ્યાઓ નક્કી કરવામાં આવી છે. જેમાં મુખ્યત્વે સ્ફટિક શિલા, ઉદય સ્કૂલ પાસે, પ્રહલાદ ઘાટનો સમાવેશ થાય છે. વાસ્તવમાં ભગવાન રામની પ્રથમ જન્મજયંતિ ૧૭ એપ્રિલે દિવ્ય અને ભવ્ય મંદિરમાં ઉજવવામાં આવશે. આ વખતે ૫૦ લાખ શ્રદ્ધાળુઓ અયોધ્યા પહોંચે તેવી શક્યતા છે.

### ટીમ ઈન્ડિયાના પૂર્વ કોચ રવિ શાસ્ત્રીએ કહ્યું

# મુંબઈ ઈન્ડિયન્સની ભૂલની હાર્દિકને મળી રહી છે સજા

### શાસ્ત્રીએ કહ્યું કે જો ફ્રેન્ચાઇઝીએ સંવાદમાં સ્પષ્ટતા દેખાડી હોત તો હાર્દિકને લઈને ફેન્સના ગુસ્સાથી બચી શકાતું હતું

મુંબઈ, તા.૩

હાર્દિક પંડ્યા જ્યારથી મુંબઈ ઈન્ડિયન્સનો કેપ્ટન બનાવ્યો છે. ત્યારથી અનેક ફેન્સ નારાજ છે. એમઆઈએ આઈપીએલ-૨૦૨૪ પહેલા રોહિત શર્માની જગ્યાએ સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાને કેપ્ટન બનાવ્યો હતો. રોહિતની આગેવાનીમાં મુંબઈ ઈન્ડિયન્સે પાંચ ટ્રોફી જીતી હતી. મુંબઈ ઈન્ડિયન્સની વર્તમાન સીઝનમાં હાલત ખરાબ છે. ફ્રેન્ચાઈઝીએ શરૂઆતી ત્રણ મેચ ગુમાવી દીધી છે અને પોઈન્ટ ટેબલમાં સૌથી છેલ્લા સ્થાને છે. હાર્દિકે ત્રણ મેચ દરમિયાન મેદાન પર હૂટિંગનો સામનો કરવો પડ્યો હતો. સોશિયલ મીડિયા પર પણ તેને ટ્રોલ કરવામાં આવી રહ્યો છે. ટીમ ઈન્ડિયાના પૂર્વ કોચ રવિ શાસ્ત્રીનું માનવું છે કે હાર્દિકને મુંબઈ ઈન્ડિયન્સની એક ભૂલને કારણે ફેન્સના નારાજ થવાની સજા મળી રહી છે.

શાસ્ત્રીએ કહ્યું કે જો ફ્રેન્ચાઈઝીએ સંવાદમાં સ્પષ્ટતા દેખાડી હોત તો હાર્દિકને લઈને ફેન્સના ગુસ્સાથી બચી શકાતું હતું. તેમણે સ્ટાર સ્પોર્ટ્સ પર કહ્યું- આ ભારતીય ક્રિકેટ ટીમ રમી રહી નથી. આ ફ્રેન્ચાઈઝી ક્રિકેટ છે. તેણે મોટી રકમ ખર્ચ કરી છે. તે માલિક છે અને કેપ્ટનની નિમણૂંક કરવી તેનો અધિકાર છે. મને લાગે છે કે મામલામાં સંવાદમાં સ્પષ્ટતા સાથે સારી રીતે સંભાળી શકાતો હતો. ભારતના પૂર્વ કોચે કહ્યું- જો તમે હાર્દિકને કેપ્ટન બનાવવા ઈચ્છતા હતા તો કહી શકતા હતા કે અમે ભવિષ્યને ધ્યાનમાં રાખી નિર્ણય કરી રહ્યાં છીએ. રોહિતે શાનદાર કામ કર્યું છે, આ બધા જાણે છે. અમે ઈચ્છીએ છીએ કે ટીમને આગળ વધારવા માટે તે આગામી ત્રણ વર્ષ હાર્દિકની મદદ કરે. શાસ્ત્રીએ કહ્યું- હાર્દિકને મારી સલાહ હશે કે તે શાંત રહે, ધૈર્ય રાખે, નજરઅંદાજ કરે અને માત્ર પોતાની ગેમ પર ધ્યાન આપે. પ્રદર્શન શરૂ કરે. મુંબઈ ઈન્ડિયન્સ એક શાનદાર ટીમ છે. જો તે લયમાં આવી ગઈ તો સતત ત્રણ કે ચાર મેચ જીતી ગઈ તો મામલો થોડો શાંત થઈ જશે. પરિણામથી વધુ કંઈ નથી. જો તમે મેચ જીતશો તો સ્થિતિ બદલાઈ જશે.

### ક્ષત્રિય સમાજ અંગેના નિવેદન પર થઇ હતી ફરિયાદ

# પરશોત્તમ રૂપાલાને રાજ્ય ચૂંટણી આયોગની ક્લિનચીટ

## ક્ષત્રિય સમાજ અંગેના નિવેદન મામલે ક્લિનચીટ મળી

અમદાવાદ, તા.૩

સમગ્ર રાજ્યમાં ભાજપના નેતા અને રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાને લઈને ક્ષત્રિય સમાજમાં વિરોધ છે, સૌરાષ્ટ્ર-કચ્છ, ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં ક્ષત્રિય સમાજ રૂપાલાની ટિકિટને રદ કરવાની માંગ કરી રહ્યો છે. થોડાક દિવસો પહેલા પરશોત્તમ રૂપાલાએ એક સંમેલન દરમિયાન ક્ષત્રિય સમાજની બહેનો ઉપર અભદ્ર ટિપ્પણી કરી હતી, આ પછી આખા ગુજરાતમાં રૂપાલા વિરૂદ્ધ રોષ ફેલાયો અને વિરોધ શરૂ થયો હતો, હવે આ મામલે ચૂંટણી પંચની એક્શન સામે આવી છે. પરશોત્તમ રૂપાલાને રાજ્ય ચૂંટણી પંચની ક્લિનચીટ મળી છે, ક્ષત્રિય સમાજ અંગેના નિવેદન મામલે હવે રૂપાલાને ક્લિનચીટ મળી ગઈ છે. રાજ્યમાં ઠેર ઠેર ક્ષત્રિય સમાજ દ્વારા રૂપાલા વિરુદ્ધ વિરોધ શરૂ થયો છે, ક્ષત્રિય સમાજ રેલીઓ કરીને આવેદનપત્ર આપીને ટિકિટ રદ કરવાની માંગ કરી રહ્યાં છે, ત્યારે રાજયના ચૂંટણી પંચે રૂપાલાને ક્લિનચીટ આપી છે તાજા માહિતી પ્રમાણે, ભાજપ નેતા પરશોત્તમ રૂપાલાને રાજ્ય ચૂંટણી આયોગની ક્લિનચીટ મળી ગઈ છે. ક્ષત્રિય સમાજ અંગેના નિવેદન પર રૂપાલાને ક્લિનચીટ મળી છે. જિલ્લા ચૂંટણી અધિકારીના રિપોર્ટના આધારે ક્લિનચીટ મળી છે. ખાસ વાત છે કે, ક્ષત્રિય સમાજે રૂપાલા વિરૂદ્ધ આ નિવદેન અંગે ફરિયાદ કરી હતી.પરશોત્તમ રૂપાલાએ તાજેતરમાં ચૂંટણી પ્રચાર દરમિયાન રાજકોટમાં વાલ્મિકી સમાજના એક સ્નેહમિલન સમારોહમાં સભા સંબોધી હતી. આ દરમિયાન રૂપાલાએ રજવાડાઓને લઈને વિવાદિત નિવેદન આપ્યુ હતું.આ સભામાં તેમને કહ્યું હતુ કે, અંગ્રેજોએ દમન કરવામાં કંઈ બાકી નહોંતુ રાખ્યુ અને મહારાજાઓ નમ્યા, રાજા- મહારાજાઓએ રોટી-બેટીના વ્યવહારો કર્યા પણ મારા રૂખી સમાજે ન તો ધરમ બદલ્યો ન તો વ્યવહારો કર્યા. સૌથી વધુ દમન તેમના પર થયા હતા. આજે હજાર વર્ષે રામ એમના ભરોસે આવ્યો છે. એ સમયે તેમની તલવાર આગળ પણ નહોંતા ઝુક્યા. પરસોત્તમ રૂપાલાના આવા વિવાદિત નિવેદનો બાદ સમગ્ર ગુજરાતમાં વિરોધ ઉગ્ર બન્યો હતો.

### રૂપાલા સામે ગામે ગામ વિરોધ શરૂ થયો

# નર્મદા જિલ્લાના ગોપલપુરામાં રાજપૂત સમાજ દ્વારા ગામની બહાર બેનરો મારી વિરોધ

## રુપાલાની ટિકિટ રદ નહીં કરવામાં આવે ત્યાં સુધી ભાજપના કોઈ નેતાને પ્રવેશ નહીં આપવામાં આવે તેવા પોસ્ટર રાજ્યના અનેક ગામોમાં લગાવાયા

નર્મદા, તા.૩

પુરુષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગે કરેલી અભદ્ર ટિપ્પણી બાદ શરૂ થયેલો વિવાદ દિનપ્રતિદિન વધુ ઉગ્ર બની રહ્યો છે.

રૂપાલાની ઉમેદવારી રદ કરવાની માંગ સાથે સમગ્ર રાજ્યમાં વિરોધપ્રદર્શન થઈ રહ્યા છે. આજે નર્મદા જિલ્લાના ના ગોપાલપુરા ગામ ખાતે ક્ષત્રિય સમાજ વિશાળ સંખ્યામા ભેગા થયા હતા. ગોપલપુરામાં રાજપૂત સમાજ દ્વારા ગામની બહાર બેનરો મારી વિરોધ નોંધાવ્યો હતો. રાજ્યમાં ઠેર-ઠેર રૂપાલાનો રાજપૂત સમાજ દ્વારા વિરોધ નોંધવાઈ રહ્યો છે. એમાં ક્ષત્રિય સમાજ રાજકોટ બેઠક પરથી તેમની ટિકિટ રદ કરવાની માગ પર અડગ છે. પુરુષોત્તમ રૂપાલાએ તાજેતરમાં ચૂંટણી પ્રચાર દરમિયાન રાજકોટમાં વાલ્મીકિ સમાજના એક સ્નેહમિલન સમારોહ સભામાં રજવાડાંને લઈને વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. એના પડઘા સમગ્ર રાજયમાં દેખાઈ રહ્યા છે. સાથે ગોપાલપુરા ગામ બહાર બેનર પણ લગાડવામાં આવ્યું બેનરમાં લખ્યું છે કે રૂપાલાની ટિકિટ રદ ના થાય ત્યાં સુધી ભાજપના નેતાઓ કે કાર્યકરોએ ગોપાલપુરામાં પ્રવેશ કરવો નહીં.

રાજપૂત સમાજ પોતાનું માથું કપાવી નાખે તેવો સમાજ છે, ગમે તેમ બોલી જાય અને પછી માફી માંગી લેવાની એવું ના ચલાવી લેવાય અને જો રૂપાલાની ટિકિટ રદ નહિ કરવામાં આવે તો ભાજપે આનું પરિણામ ભોગવવું પડશે ને ચીમકી પણ ઉચારી હતી સાથે જ રૂપાલાની ટિકિટ રદ નહિ થાય તો સ્થાનિક બેઠક ઉપર પણ અસર થશે તેમ આગેવાનોએ ચીમકી આપી હતી.

### પાડોશી જાપાને સુનામી એલર્ટ જાહેર કર્યું

# તાઇવાન જોરદાર ભૂકંપથી હચમચી ઉઠ્યું, રિક્ટર સ્કેલ પર તીવ્રતા ૭.૫

## તાઈવાનની રાજધાની તાઈપેઈમાં બુધવારે સવારે ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા હતા, ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૭.૫ માપવામાં આવી હતી

તાઈપેઈ, તા.૩

તાઈવાનની રાજધાની તાઈપેઈમાં બુધવારે સવારે ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા હતા. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૭.૫ માપવામાં આવી હતી, જે ખતરનાક શ્રેણીમાં આવે છે. તાઈવાન સેન્ટ્રલ વેધર એડમિનિસ્ટ્રેશને આ જાણકારી આપી છે. રોઈટર્સના અહેવાલ મુજબ ભૂકંપના આંચકા એટલા જોરદાર હતા કે તાઈપેઈના ઘણા ભાગોમાં વીજળી ગુલ થઈ ગઈ હતી. ભૂકંપ બાદ તરત જ પાડોશી દેશ જાપાન એલર્ટ થઈ ગયું હતું અને સુનામીની ચેતવણી જાહેર કરી હતી. લોકોને નીચાણવાળા વિસ્તારો છોડી દેવા પણ કહેવામાં આવ્યું છે.ભૂકંપના જોરદાર આંચકાને કારણે હજુ સુધી કોઈના મૃત્યુ કે ઈજા થવાના સમાચાર નથી. જોકે, સોશિયલ મીડિયા પર સામે આવેલા વીડિયોમાં ભૂકંપના કારણે ઘણી જગ્યાએ ભૂસ્ખલન અને ઈમારતો ધરાશાયી થવાના સમાચાર છે. વોલ્કેનો ડિસ્કવરીના રિપોર્ટ અનુસાર સ્થાનિક સમય અનુસાર સવારે ૯ વાગ્યે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપની ઊંડાઈ ૩૫ કિમી હતી અને દેશના મોટા ભાગમાં તેનો અનુભવ થયો હતો. ભૂકંપની ઊંડાઈને કારણે તેના કેન્દ્રમાં ખૂબ જ તીવ્રતા અનુભવાઈ હતી. સિસ્મોગ્રાફસનો ઉપયોગ ભૂકંપની તીવ્રતા અને સમયગાળો માપવા માટે થાય છે. સિસ્મોગ્રામ દ્વારા પૃથ્વીની હિલચાલનો ગ્રાફ બનાવવામાં આવે છે. ધરતીકંપનું કેન્દ્ર એ સ્થાન છે જ્યાં તેની નીચે પ્લેટોમાં હલનચલન થાય છે. જેને હાઈપોસેન્ટર કહેવામાં આવે છે. આ તે છે જ્યાં મહત્તમ કંપન પણ થાય છે. જેમ જેમ કંપનની આવર્તન દૂર થાય છે તેમ તેમ તેની અસર ઘટતી જાય છે. જો રિએક્ટર સ્કેલ પર ૭ કે તેથી વધુની આવર્તન સાથે ધરતીકંપ આવે છે તો આસપાસના ૪૦ કિમી ત્રિજ્યામાં તીવ્ર આંચકા અનુભવાય છે. જો ધરતીકંપની આવર્તન ઉપરની બાજુએ હોય તો ઓછા વિસ્તારો ભૂકંપથી પ્રભાવિત થાય છે, જ્યારે જો આ આવર્તન નીચેની બાજુએ હોય, તો મોટા વિસ્તાર ભૂકંપથી પ્રભાવિત થાય છે. ભૂકંપની તીવ્રતા સંખ્યા દ્વારા માપવામાં આવે છે. જેમ જેમ આ સંખ્યા વધે છે તેમ તેમ ભૂકંપમાંથી મુક્ત થતી ઉર્જા પણ વધે છે. જો ધરતીકંપની તીવ્રતા ૧ પોઈન્ટ વધી જાય તો તેમાંથી નીકળતી ઉર્જા ૩૨ ગણી વધી જાય છે. ઉદાહરણ તરીકે ૫ની તીવ્રતાનો ધરતીકંપ ૪ની તીવ્રતાના ધરતીકંપ કરતાં ૩૨ ગણી વધુ ઊર્જા છોડે છે. આ રીતે તે આગળ વધે છે અને તેનાથી ઉદ્ભવતા જોખમ પણ.વૈજ્ઞાનિકોએ ભારતમાં ૮ કે તેથી વધુની તીવ્રતા ધરાવતો ભૂકંપ હોવાની વાત કરી છે. ૮ની તીવ્રતાનો ધરતીકંપ ૭ની તીવ્રતાના ધરતીકંપ કરતાં ૧,૦૦૦ ગણી વધુ ઉર્જા છોડે છે. ૮ની તીવ્રતા સાથેનો ભૂકંપ ખૂબ જ ખતરનાક માનવામાં આવે છે. તેનો ભોગ ખૂબ મોટો વિસ્તાર છે અને તે લાંબા સમય સુધી અનુભવાય છે. આ ભૂકંપથી ઈમારતો સંપૂર્ણપણે જમીનદોસ્ત થઈ જાય છે. આ ભૂકંપના આંચકાથી સ્તંભો, દિવાલો અને ભારે ફર્નિચર પડી જાય છે. ૮ કે તેથી વધુની તીવ્રતાના ધરતીકંપ વર્ષમાં એકવાર આવી શકે છે.

### સ્મૃતિ ઈરાનીએ મધ્યપ્રદેશમાં ચૂંટણી રેલીને સંબોધી

# વાયનાડથી રાહુલે ઉમેદવારીપત્ર ભરતાં સ્મૃતિ ઈરાનીએ કર્યા પ્રહાર

## કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ કટાક્ષ કરતાં કહ્યું કે, "હારના ડરથી ભાગવું એ કૉંગ્રેસનો સ્વભાવ બની ગયો છે

ભોપાલ, તા.૩

કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ મધ્યપ્રદેશમાં ચૂંટણી રેલીને સંબોધિત કરતા કોંગ્રેસ પર જોરદાર નિશાન સાધ્યું હતું. મધ્ય પ્રદેશ બીજેપી અધ્યક્ષ વિષ્ણુ દત્ત શર્માના નમકન ખાતે પહોંચેલી સ્મૃતિ ઈરાનીએ રેલીમાં લોકોને તેમના માટે વોટ કરવાની અપીલ કરી હતી અને કહ્યું હતું કે, હું એવા વિસ્તારની છું જ્યાં એક પરિવારે પાંચ દાયકા સુધી શાસન કર્યું છે. કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ કહ્યું હતું કે, "તે પ્રદેશમાં ભારતીય જનતા પાર્ટીના ખેસ પહેરવાનો અર્થ એક સમયે મૃત્યુનો સામાન ઘરે લાવવાનો હતો. આવો માહોલ રહેતો હતો. તે પ્રદેશમાં કપાળ પર તિલક લગાવવું, રામનું નામ લેવું એક રાજકીય અભિશાપ માનવામાં આવતું હતું." કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ વાયનાડમાં ઉમેદવારી નોંધાવી હતી. આ અંગે કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, "હું જે વિસ્તારની પ્રતિનિધિ છું તે વિસ્તારમાં કોંગ્રેસનો હાથ હતો, પરંતુ તે સમયે સાઈકલ પણ દોડતી હતી. હું તે વિસ્તારથી છું જ્યાંથી હાથને સાફ કરવામાં આવ્યો અને સાયકલને પંચર કરવામાં આવી. આ વંદે ભારતનો યુગ છે, તેઓ હજુ પણ સાયકલ પર મુસાફરી કરે છે. સ્મૃતિ ઈરાનીએ કટાક્ષ કરતાં કહ્યું કે, "હારના ડરથી ભાગવું એ કોંગ્રેસનો સ્વભાવ બની ગયો છે, અમેઠીના લોકોને પૂછો. જેની પડખે સત્ય અને લોકશાહી છે, તેની જીત નિશ્ચિત છે. એક સમયે, જે પક્ષ પાસે માત્ર બે સાંસદ હતા, આજે તેઓ ૪૦૦થી વધુના નારા લગાવવાની ક્ષમતા ધરાવે છે અને નમ્રતાપૂર્વક મતદારો પાસેથી મત માંગે છે. આ લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસે મતદાન પહેલા જ પોતાની હાર સ્વીકારી લીધી છે."આ દરમિયાન તેમણે કાર્યકરને કહ્યું, "જ્યારે તમે નમ્રતાથી લોકોના ઘરે જાઓ છો, ત્યારે તેમને પૂછો કે જોં સ્મોદી ન હોત અને દેશની બાગડોર કોંગ્રેસના હાથમાં હોત તો શું દેશમાં દરેક ગરીબના ઘરે મફત રાશન પહોંચ્યું હોત? "

### કેન્દ્ર સરકારે ગાઈડલાઈન્સ બહાર પાડી છે

# હવામાન વિભાગની ભીષણ ગરમીની આગાહી બાદ કેન્દ્ર સરકાર એક્ટિવ મોડમાં

## આઇએમડીએ આ વર્ષ માટે અલ-નીનોની આગાહી કરી છે અને તેથી આ વર્ષે હીટવેવની સંભાવના વધારે છે

નવી દિલ્હી, તા.૩

હવામાન વિભાગની ભીષણ ગરમીની આગાહી બાદ કેન્દ્ર સરકાર એક્ટિવ મોડમાં આવી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી મનસુખ માંડવિયાએ બુધવારે એક મોટી બેઠક યોજી હતી. તેમાં આઈએમડી, આરોગ્ય વિભાગ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટના અધિકારીઓ હાજર રહ્યા હતા. સમીક્ષા બેઠકમાં સ્વાસ્થ્ય મંત્રાલયે રાજ્ય સરકારોને કેન્દ્ર સરકાર તરફથી એડવાઈઝરી જાહેર કરવા માટે કહ્યું છે. બેઠક બાદ મનસુખ માંડવિયાએ જણાવ્યું હતુંકે, "આઈએમડીએ આ વર્ષ માટે અલ-નીનોની આગાહી કરી છે અને તેથી આ વર્ષે હીટવેવની સંભાવના વધારે છે. આ ઉનાળામાં તાપમાન સામાન્યથી ઉપર રહેશે. આ વર્ષ ચૂંટણીનું વર્ષ છે અને હીટવેવને કારણે હીટ સ્ટ્રોકથી બચવા માટે, મેં આઈએમડી, આરોગ્ય વિભાગ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટના અધિકારીઓ સાથે વિસ્તૃત સમીક્ષા કરી છે અને કેન્દ્રને રાજ્ય સરકારોને સલાહ આપવા જણાવ્યું છે.કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, ગરમીનો પ્રકોપ હીટ સ્ટ્રોકનું સ્વરૂપ ન લે તે માટે અનેક દિશા-નિર્દેશ જાહેર કરવામાં આવ્યા છે. હીટ સ્ટ્રોક એ ગરમીને લગતી સૌથી ગંભીર બીમારી છે. તે ત્યારે થાય છે જ્યારે શરીર હવે તેના તાપમાનને નિયંત્રિત કરી શકતું નથી. ઉનાળામાં દર વર્ષે જે તાપમાન નોંધાય છે તેના કરતા વધુ તાપમાન રહેવાની ધારણા છે. જેને ધ્યાનમાં રાખીને જનતાને ખાસ સાવધાની રાખવાની સલાહ આપવામાં આવે છે. "આ વર્ષે જ્યારે તમે ચૂંટણી પ્રચાર માટે જાઓ છો, ત્યારે પીવાનું પાણી ચાલુ રાખો અને તમારી સાથે પાણીની બોટલ લઈ જાઓ. લોકોએ સમય સમય પર પાણી પીવું જોઈએ અને જ્યૂસનું પણ સેવન કરવું જોઈએ. આ ઉપરાંત લીંબુ પાણી પણ પીવું જોઈએ. તમે ઉનાળાની ઋતુમાં મળતા ફળો પણ ખાઈ શકો છો.એપ્રિલથી જૂન દરમિયાન દેશભરમાં ભારે ગરમી પડવાની સંભાવના છે, જેની મધ્ય અને પશ્ચિમી દ્વીપકલ્પના ભાગો પર ગંભીર અસર પડશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગુજરાત, મધ્ય મહારાષ્ટ્ર, ઉત્તર કર્ણાટક, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, ઓડિશા, ઉત્તર છત્તીસગઢ અને આંધ્રપ્રદેશમાં ગરમીની સૌથી વધુ અસર થવાની સંભાવના છે. એપ્રિલથી જૂનની વચ્ચે, દેશના મોટાભાગના ભાગોમાં મહત્તમ તાપમાન સામાન્યથી વધુ રહેવાની સંભાવના છે, પૂર્વ અને ઈશાન ભારતના કેટલાક ભાગો અને ઉત્તરપશ્ચિમ ભારતના કેટલાક ભાગોને બાદ કરતા, જ્યાં મહત્તમ તાપમાન સામાન્યથી નીચે રહેવાની સંભાવના છે.

### બેદરકારી દાખવશો તો થશે કાર્યવાહી : ચૂંટણી પંચ

# ચૂંટણી પંચે વિવિધ રાજ્યોના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી

## રાજ્યોના મુખ્ય સચિવો, ડીજીપી, ગૃહ મંત્રાલ, સંરક્ષણ મંત્રાલ અને સીએસપીએફના પ્રમુખ પણ ઉપસ્થિત રહ્યા

નવી દિલ્હી, તા.૩

આગામી લોકસભા ચૂંટણીને ધ્યાને રાખી ચૂંટણી પંચ ભરપુર એક્શમાં છે. આ ક્રમમાં પંચે એક મોટી બેઠક યોજી હતી, જેમાં કાયદો-વ્યવસ્થા અને સુરક્ષા અંગે સમીક્ષા કરવામાં આવી છે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે બેઠકમાં ઉપસ્થિત રહેલા ટોચના અધિકારીઓને કહ્યું છે કે, આ ચૂંટણીમાં કોઈપણ પ્રકારની બેદરકારી સહન કરવામાં આવશે નહીં.મુખ્ય ચૂંટણી કમિશનરે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશની સુરક્ષા એજન્સીઓના ટોચના અધિકારીઓ સાથે બેઠક કરી હતી, જેમાં રાજ્યોના મુખ્ય સચિવો, ડીજીપી, ગૃહ મંત્રાલ, સંરક્ષણ મંત્રાલ અને સીએસપીએફના પ્રમુખ પણ ઉપસ્થિત રહ્યા હતા. ચૂંટણી પંચે હેરફેર અને ગેરકાયદે પ્રવૃત્તિઓ પર ધ્યાન આપવા ઘણા પાસાઓ પર ચર્ચા કરી છે.સૂત્રોના જણાવ્યા મુજબ ચૂંટણી પંચે અધિકારીઓને કહ્યું છે કે, ચૂંટણીમાં કોઈપણ પ્રકારની બેદરકારી નહીં ચાલે. આ વખતે દેશની અને રાજયની સીમાઓ પર કડક દેખરેખ રાખવામાં આવશે. ચૂંટણીની સુરક્ષા વ્યવસ્થાઓમાં કોઈપણ બેદરકારી નહીં ચાલે. ચૂંટણીમાં વિવિધ રાજ્યોમાંથી કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ (CAPF) અને રાજ્ય સશસ્ત્ર પોલીસ (SAP)ની ટીમ તહેનાત કરવા માટે બોલાવાશે. એવું મનાય છે કે, ચૂંટણીમાં બેદરકારી દાખવનારા અધિકારીઓ સામે કાર્યવાહી કરાશે.

### પોલીસ ભરતી બોર્ડના ચેરમેને મહત્ત્વની જાણકારી આપી

# PSI-લોકરક્ષકની ભરતી માટે ઓફલાઈન પરીક્ષા લેવાશે

## ૪ એપ્રિલથી ઉમેદવારો ઓનલાઈન અરજી કરી શકશે આ જાહેરાતથી લાખો યુવાનોની આતુરતાને રાહત મળી

ગાંધીનગર, તા.૩

લાંબા સમયથી જે અંગે રાહ જોવાઈ રહી હતી આવી ગઈ એ અંગેની માહિતી. ગુજરાત સરકારમાં પોલીસ વિભાગમાં ભરતી થવા માટે યુવાનો ભારે મથામણ કરતા હોય છે. ત્યારે ગુજરાત સરકારના પોલીસ ભરતી બોર્ડના ચેરમેને એક મહત્ત્વની જાણકારી આપી છે. પોલીસ ભરતી બોર્ડના ચેરમેન હસમુખ પટેલે લોકરક્ષક અને પીએસઆઈની ભરતી અંગે મહત્ત્વની જાહેરાત કરી છે. આ જાહેરાતથી લાખો યુવાનોની આતુરતાને એક મોટી રાહત મળી છે.PSI-લોકરક્ષકની ભરતી માટે ઑફલાઈન પરીક્ષા લેવાશે. ૪ એપ્રિલથી ઉમેદવારો ઓનલાઈન અરજી કરી શકશે. ગુજરાત પોલીસ વિભાગમાં ભરતી માટે તૈયારી કરી રહેલા ઉમેદવારો માટે એક અગત્યના સમાચાર સામે આવ્યા છે. જેમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) અને લોક રક્ષકની ભરતી માટેની પરીક્ષા ઑફલાઈન લેવામાં આવશે. આ માટે ૪ એપ્રિલથી ઉમેદવારો ઑનલાઈન અરજી કરી શકશે. પીએસઆઈ ભરતીમાં એક પ્રશ્નપત્ર નિબંધલક્ષી હોવાથી થોડો વધુ સમય લાગી શકે.? તે ભરતી ઓગસ્ટ કે સપ્ટેમ્બર ૨૦૨૫ માં પૂર્ણ થઈ શકે તેવું જણાય છે.આ અંગે IPS હસમુખ પટેલે ટ્વીટ કરીને જાણકારી આપી છે. જેમાં જણાવ્યું છે કે, PSI તથા લોકરક્ષક ભરતીની પરીક્ષા ઓફલાઈન લેવાશે. જે પૈકી લોકરક્ષકની પરીક્ષા ગુજરાતી માધ્યમમાં લેવામાં આવશે. જ્યારે PSI ભરતીની પરીક્ષા અંગ્રેજી વિષય સિવાય ગુજરાતી માધ્યમમાં લેવામાં આવશે. લોકરક્ષક ભરતી મે-૨૦૨૫ સુધીમાં પૂર્ણ થવાની શક્યતા છે. જ્યારે પીએસઆઈ ભરતીમાં એક પ્રશ્ન પત્ર નિબંધલક્ષી હોવાથી થોડો વધુ સમય લાગી શકે છે. આથી આ ભરતી ઓગસ્ટ કે સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી પૂર્ણ થઈ શકે છે. ગુજરાત પોલીસ બોર્ડ દ્વારા ૪૭૨ પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) સહિત વર્ગ-૩ના ૧૨,૪૭૨ની જગ્યાઓ ભરવા માટે ઓનલાઈન અરજીઓ મંગાવવા માટે ફોર્મ ભરવાની તારીખ જાહેર કરવામાં આવી છે. ભરતી નિયમો તેમજ પરીક્ષા નિયમોની પ્રવર્તમાન જોગવાઈ મુજબ, લાયકાત ધરાવતા ઉમેદવારો ૪ એપ્રિલ, ૨૦૨૪ બપોરે ૩ વાગ્યાથી ૩૦ એપ્રિલ, ૨૦૨૪ રાતે ૧૧:૫૯ કલાક સુધી ઓનલાઈન અરજી કરવાની રહેશે.આ માટેની તમામ સૂચના અને ઓનલાઈન અરજી સ્વીકારવાનો સમયગાળો https://ojas.gujarat.gov.in વેબસાઈટ પર અપલોડ કરવામાં આવશે. જ્યાં તમામ સૂચનાઓ ધ્યાનથી વાંચ્યા બાદ ઈચ્છુક ઉમેદવારોએ ઓનલાઈન અરજી કરવાની રહેશે.

### વિશ્વના ૧૦ સૌથી અમીર લોકોની યાદી જાહેર

# ફોર્બ્સની યાદીમાં ફ્રાંસના બર્નાર્ડ આર્નોલ્ટ પ્રથમ સ્થાને

## ફોર્બ્સ દ્વારા જાહેર કરાયેલ યાદી અનુસાર ભારતના મુકેશ અંબાણી ઇં૧૧૬ બિલિયનની નેટવર્થ સાથે નવમા સ્થાને

મુંબઈ, તા.૩

વિશ્વના અમીરોની માહિતી આપતી વેબસાઈટ ફોર્બ્સે તાજેતરમાં વિશ્વના ટોચના અમીરોની યાદી જાહેર કરી છે. ફોર્બ્સ દ્વારા જાહેર કરાયેલ ૨૦૨૪ના અબજોપતિઓની યાદી અનુસાર, ભારતના દિગ્ગજ ઉદ્યોગપતિ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી એક સમયે એશિયામાં નંબર ૧ હતા. આ સાથે જ તે ફોર્બ્સની યાદીમાં ટોપ ૧૦માં છે. વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ એલવીએમએચના માલિક બર્નાર્ડ આર્નોલ્ટ છે. આવો અમે તમને દુનિયાના ટોપ ૧૦ અમીર લોકો અને તેમની નેટવર્થ વિશે જણાવીએ.

ફ્રાન્સના બર્નાર્ડ આર્નોલ્ટ અને તેમનો પરિવાર જાહેર કરવામાં આવેલી ફોર્બ્સની યાદીમાં પ્રથમ ક્રમે આવી ગયા છે. બર્નાર્ડ આર્નોલ્ટ ૨૩૩ અબજ ડોલરની સંપત્તિ સાથે વિશ્વના સૌથી ધનિક લોકોની યાદીમાં પ્રથમ સ્થાને પહોંચી ગયા છે. આ યાદીમાં બીજા સ્થાને અમેરિકાના TESLA અને SpaceX કંપનીના માલિક એલન મસ્ક છે, જેની કુલ સંપત્તિ ૧૯૫ બિલિયન ડૉલર હોવાનું કહેવાય છે.

આ યાદીમાં અમેરિકા સ્થિત એમેઝોનના સ્થાપક જેફ બેઝોસ ૧૯૪ અબજ ડોલરની સંપત્તિ સાથે ત્રીજા સ્થાને પહોંચી ગયા છે. ચોથા સ્થાને મેટાના સ્થાપક અમેરિકન બિઝનેસમેન માર્ક ઝકરબર્ગ છે. પાંચમા નંબરે લેરી એલિસન છે, જેઓ ઓરીકલ કંપની ચલાવે છે, તેમની પાસે $141 બિલિયનની સંપત્તિ છે. વોરન બફેટ આ યાદીમાં છઠ્ઠા સ્થાને છે, તેમની પાસે ૧૩૩ અબજ ડોલરની સંપત્તિ છે.

માઈક્રોસોફ્ટના સ્થાપક બિલ ગેટ્સ ૧૨૮ અબજ ડોલરની સંપત્તિ સાથે ફોર્બ્સની યાદીમાં સાતમા સ્થાને પહોંચી ગયા છે. ૧૨૧ બિલિયન ડોલરની નેટવર્થ સાથે સ્ટીવ બાલ્મર આઠમાં નંબરે છે. ભારતના મુકેશ અંબાણી $116 બિલિયનની નેટવર્થ સાથે નવમા સ્થાને છે. તે જ સમયે, આલ્ફાબેટના સીઈઓ લેરી પેજ દસમા સ્થાને છે, તેમની કુલ સંપત્તિ ૧૧૪ અબજ ડોલર છે.

### અમદાવાદમાં કોપી કેસના ૧૬ બનાવ

# જેલમાં બોર્ડની પરીક્ષા આપનાર કેદીઓ કોપી કેસ કરતા ઝડપાયા

## વર્ગખંડ નિરીક્ષકનું ધ્યાન ના હોય ત્યારે વિદ્યાર્થીઓ પૂરવણી બદલતા, કાપલી કરતા કે એક બીજામાંથી જોતા હોવાનું સીસીટીવીમાં ધ્યાને આવ્યું છે

અમદાવાદ, તા.૩

તાજેતરમાં પૂર્ણ થયેલી ધોરણ ૧૦-૧૨ બોર્ડની પરીક્ષામાં વર્ગખંડોના CCTV તપાસવાની કામગીરી શરૂ કરાઈ હતી. અમદાવાદ શહેરની શાળાઓના સીસીટીવી તપાસતા ૧૬ કોપીકેસના બનાવો સામે આવ્યા છે. વર્ગખંડ નિરીક્ષકનું ધ્યાન ના હોય ત્યારે વિદ્યાર્થીઓ પૂરવણી બદલતા, કાપલી કરતા કે એક બીજામાંથી જોતા હોવાનું સીસીટીવીમાં ધ્યાને આવ્યું છે. આ ઉપરાંત સેન્ટ્રલ જેલમાં પરીક્ષા આપતા ૪ કેદી પણ કોપી કરતા ઝડપાયા છે.તાજેતરમાં પૂર્ણ થયેલી ધોરણ ૧૦-૧૨ બોર્ડની પરીક્ષામાં વર્ગખંડોના CCTV તપાસવાની કામગીરી શરૂ કરાઈ હતી. અમદાવાદ શહેરની શાળાઓના સીસીટીવી તપાસતા ૧૬ કોપીકેસના બનાવો સામે આવ્યા છે. વર્ગખંડ નિરીક્ષકનું ધ્યાન ના હોય ત્યારે વિદ્યાર્થીઓ પૂરવણી બદલતા, કાપલી કરતા કે એક બીજામાંથી જોતા હોવાનું સીસીટીવીમાં ધ્યાને આવ્યું છે. આ ઉપરાંત સેન્ટ્રલ જેલમાં પરીક્ષા આપતા ૪ કેદી પણ કોપી કરતા ઝડપાયા છે. બોર્ડની પરીક્ષાઓ પૂર્ણ થયા બાદ DEO કક્ષાએથી દરેક વર્ગના સીસીટીવી તપાસવામાં આવ્યા છે. તપાસમાં જે વિદ્યાર્થીઓની હલનચલન શંકાસ્પદ દેખાય તેમને ફરીથી ચેક કરવામાં આવતા હતા.

વિદ્યાર્થીઓ એકબીજામાંથી જોઈને લખતા હોય, કાપલી, મોબાઈલ લાવ્યા હોય તેમની ઓળખ કરવામાં આવી હતી. આ તમામની ઓળખ કરી DEO કચેરી સીડી મોકલવામાં આવી હતી. જેનું જિલ્લા શિક્ષણ અધિકારી કક્ષાએથી હિયરિંગ કર્યા બાદ કોપીકેસના ૧૬ બનાવો સામે આવ્યા છે.બોર્ડની પરીક્ષામાં અમદાવાદમાં પાંચ વિદ્યાર્થીઓ ચોરી કરતા ઝડપાયા બાદ તેમની સામે કોપી કેસ કરાયા હતા. ૧૬ માર્ચથી વર્ગખંડના CCTV તપાસવાની શરૂઆત કરાઈ હતી.જેમાં અમદાવાદ શહેર DEO હેઠળ આવતી શાળાઓમાં ગેરરીતિ કરતા ૧૬ બનાવો CCTVમાં સામે આવ્યા છે. કુલ ૨૧ પૈકી ધોરણ ૧૦ના ૧૦ વિદ્યાર્થીઓ, ૧૨ સાયન્સના ૬ અને સામાન્ય પ્રવાહના ૫ વિદ્યાર્થીઓ ચોરી કરતા ઝડપાયા છે. વિદ્યાર્થીઓ એક બીજાને પુરવણી આપતા, કાપલી લઈને બેઠા હોય, કપડા પર લખાણ લઈને આવ્યા હોય અને આજુબાજુમાં જોઈને લખતા હોવાનું CCTVમાં ધ્યાને આવ્યું છે.અમદાવાદ એક કેન્દ્ર પર એક વિદ્યાર્થીની અંગ્રેજીના પેપરમાં આધાર કાર્ડની પાછળ લખીને કોપી કરતા ઝડપાઈ હતી.સીસીટીવી ફૂટેજમાં આ વિદ્યાર્થીની કેમેસ્ટ્રી અને બાયોલોજીના પેપરમાં પણ કોપી કરતા દેખાય છે. જેથી વિદ્યાર્થીની સામે કુલ ત્રણ કોપી કેસ નોંધાયા છે.અન્ય કેન્દ્ર પર એક વિદ્યાર્થી ૧૨ સાયન્સમાં કેમેસ્ટ્રી,ગણિત અને ઈંગ્લિશના પેપરમાં કાપલીમાંથી પેપર લખતો દેખાય છે.તેથી વિદ્યાર્થી સામે પણ ત્રણ અલગ અલગ કોપી કેસ કરવામાં આવ્યા છે.

અમદાવાદ સેન્ટ્રલ જેલમાં ધોરણ ૧૦-૧૨ બોર્ડની પરીક્ષા ૪૯ કેદીઓ આપી રહ્યા હતા. જેમાં ૪ કોપીકેસ સીસીટીવીની તપાસ કરતા સામે આવ્યા છે. જેમાં ૪ પરિક્ષાર્થીઓ એકબીજાને પુરવણીની અદલા બદલી કરતા હોવાનું સામે આવ્યું છે.આ ચારેય કેદીઓ ધોરણ ૧૦ની પરીક્ષા આપી રહ્યા હતા.એક ગુનામાં જેલમાં સજા કાપતા કેદી અન્ય ગુનો પણ કર્યો છે જે માટે બોર્ડ દ્વારા સજા નક્કી કરવામાં આવશે.

# અમરેલીમાં મતદાન જાગૃત્તિ અર્થે બાઈક રેલી યોજાઈ






અમરેલી તા.૩ એપ્રિલ, ૨૦૨૪ (બુધવાર) સિસ્ટેમેટીક વોટર્સ એજયુકેશન એન્ડ ઈલેકટોરલ પાર્ટીસીપેશન (SVEEP) અંતર્ગત મતદાન જાગૃતિ પ્રસરાવવાના હેતુથી અમરેલી શહેરની શાળાના શિક્ષકો દ્વારા બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરની ફોરવર્ડ શાળાના મેદાનથી આ રેલીનો જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર અજય દહિયા, ખર્ચ તેમજ ટી.આઈ.પી. નોડલ અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયાની પ્રેરક ઉપસ્થિતિમાં પ્રારંભ થયો હતો આ રેલીમાં જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારીએ જાતે બાઈક ચલાવી રેલીમાં સહભાગી થઈ શિક્ષકોનો ઉત્સાહ વધાર્યો હતો. આ રેલી શહેરના સેન્ટર પોઈન્ટ, નાગનાથ ચોક, રેલવે સ્ટેશન, કોલેજ ચોક થઈ પરત ફોરવર્ડ હાઈસ્કૂલ ખાતે સપન્ન થઈ હતી. રેલીની સમાપન વેળ ાએ સંબોધન કરતા જિલ્લા ચૂંટણી અધિકારીએ જણાવ્યુ હતુ કે, મતદાન જાગૃતિનો સંદેશાનો પ્રસાર થાય અને ચૂંટણી ફરજ અર્થે રોકાયેલા શિક્ષકો સહિત સૌનો ઉત્સાહ વધે તે હેતુથી આજે આ રેલી યોજવામાં આવી છે. આગામી સમયમાં આ પ્રકારની એક વિશાળ બાઈક રેલી યોજવામાં આવી છે. આગામી સમયમાં આ પ્રકારની એક વિશાળ બાઈક રેલી યોજવામાં આવશે અને મતદાન જાગૃતિ પ્રસરાવવામાં આવશે. આ રેલીમાં નાયબ જિલ્લા ચુંટણી અધિકારી સકસેના, નાયબ જિલ્લા વિકાસ અધિકારી કોટક, અમરેલી, વડીયા, કુંકાવાવ પ્રાંત અધિકારી, જિલ્લા શિક્ષણાધિકારી અને SVEEP નોડલ અધિકારી ગોહિલ, જિલ્લા ચૂંટણી તંત્રના અધિકારીઓ, કર્મયોગીઓ જોડાયા હતા.

## મતદાન જાગૃત્તિ અભિયાન અન્વયે નાગરિકોને મતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું

અમરેલી તા. ૩ એપ્રિલ, ૨૦૨૪ (બુધવાર) લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અન્વયે આદર્શ આચાર સંહિતા અમલી છે. સ્થળાંતરિત મતદારોના નોડલ અને જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા અમરેલી સ્થિત ઔદ્યોગિક એકમોમાં મુલાકાત લઈ શ્રમિકોને તથા સંસ્થાના માલિકોને સ્થળાંતરિત મતદારોને મતદાનના દિવસે સવેતન રજા આપવા સહિતની વિગતો આપવામાં આવી છે. નાગરિકોએ મતદાન માટે શપથ લીધા હતા. મતદાર જાગૃતિ અભિયાન જિલ્લાના સાવરકુંડલામાં વસતા બહેનોની મુલાકાત લઈ મતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું. જાગૃત મતદાર તરીકે તેમણે મતદાન કરવું અને અન્ય નાગરિકોને પણ મતદાન કરવા પ્રેરણા પૂરી પાડવા અંગે સમજ આપવામાં આવી હતી.

## અવસાન નોંધ

**અમરેલી :** અમરેલી તાલુકાના જાળીયા નિવાસી હિંમતભાઈ પાથર (ઉં.વ. ૫૮) તે માધાભાઈના સુપુત્ર, ઘીરૂભાઈના ભત્રીજા, મગનભાઈ તથા ભૂપતભાઈ પાથર (માહિતી ખાતુ અમરેલી)ના ભાઈ તેમજ મનીષભાઈ અને રાજેશભાઈના કાકાનું તા. ૩/૪/૨૦૨૪ના રોજ દુઃખદ અવસાન થયું છે. સદ્ગતની ઉત્તરક્રિયા દશાશ્રાદ્ધ તા. ૧૩/૪/૨૦૨૪ના શનિવારે અને પાણીઢોળ તા. ૧૪/૪/૨૦૨૪ના રવિવારે તેમના નિવાસ સ્થાને રાખેલ છે.

ચલાલા : ચલાલા નિવાસી હાલ અમદાવાદ રહેતા જયંતભાઈ (કનુભાઈ) ભીમજીભાઈ સાદરાણી, ઉ.વર્ષ ૯૦ તા.૨/૪/૨૦૨૪ મંગળવાળ સવારે ૭:૦૦ વાગે શ્રીજીચરણ પામેલ તે સ્વ. ઉદયભાઈ સાદરાણી, દક્ષાબેન, ચંદ્રિકાબેન ,જયોતિબેન અને રૂપાબેનના પિતાશ્રી તેમજ મહેન્દ્રભાઈ (પ્રમુખ,લોહાણા મહાજન ચલાલા) મુકેશભાઈ, ભરતભાઈ, રવીન્દ્રભાઈ, નરેન્દ્રભાઈ, પ્રકાશભાઈ અને મુકેશભાઈ (યુ.કે.) સાદરાણીના કાકાનું ઉઠમણું તા. ૪/૪/૨૦૨૪ ગરૂવાર, સ્વજન ૫ કલાકે સસુરપક્ષની સાદડી સાથે લોહાણા મહાજન વાડી ચલાલા રાખેલ છે.

## અમરેલીનાં તાત્કાલીક હનુમાન મંદિરે મહાપ્રસાદનું આયોજન થયું



અમરેલી, તા. ૩

અમરેલી સત્યનારાયણ સોસાયટીમાં તાત્કાલીક હનુમાનજી મંદિરે દર શનિવારે થતો હિન્દુ સાંસ્કૃતિક કાર્યક્રમનું તા. ૨૫/૩/૨૪ ના દિવસે એક વર્ષ પુર્ણ થતા એક સુંદર મજાના મહા આરતી મહાપ્રસાદનું આયોજન કરેલ તેમાં આજની પેઢીના બાળકો ટેકનોલોજીમાં વ્યસ્ત રહે છે તો દર શનીવારે આ કાર્યક્રમમાં હિન્દુ ધર્મ સાથે સંકળાયેલા રહેલ હનુમાનજીની દરેક ચોપાઈનું ભજન કરે ધર્મ સાથે સંકળ ાયેલી રહે એવું આયોજન થાય છે. બીજા વર્ષમાં આ કાર્યક્રમ અખંડ ચાલુ રહે એવી રાખીએ છીએ હરેશભાઈ ખુમાણ, મનીષભાઈ વાળા, મહેશભાઈ હુદડ, ભીખુભાઈ વાળા, અનકભાઈ વાળા વગેરે દ્વારા સુંદર આયોજન થાય છે.

પાના ૮ ઉપરનું ચાલું

## સાવરકુંડલા પાલિકાનાં પુર્વ પ્રમુખ સામે

અંધારામાં લઈ જતા પાલિકાના પૂર્વ પ્રમુખ ડી.કે.પટેલ નાવલી નદી માંથી પણ ૬ એનપીઉ સીમેન્ટના પાઈપ પણ ભરીને લઈ ગયા હોવાની વિગતો મળી રહી છે ત્યારે વાડ જ ચીભડા ગળે તેવો ઘાટ સાવરકુંડલા ભાજપ શાસિત નગરપાલિકામાં ઘડાયો છે ડી.કે. પટેલ દ્વારા પાલિકાના સવા લાખથી દોઢેક લાખના એનપીઉ સીમેન્ટના પાઈપ પોતાના જાણીતા કે પોતાની ભાગીદારીની મિલકતમાં જેસર રોડ ખાતે નાખ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે ત્યારે ભાજપ શાસિત પાલિકા માંથી સસ્પેન્ડ થયેલા ડી.કે.પટેલ ને પાલિકા તંત્ર દ્વારા ૬ પાઈપ વગર પરમિશન વગરનુંલઈ ગયાની નોટિસ પાઠવી છે ૧૨ પાઈપ લઈ ગયાની નોટીસ કેમ પાલિકા તંત્રે નથી પાઠવી તેવા સવાલો ભાજપ શાસિત પાલિકા સામે ઊભા થયેલા છે જયારે ભાજપના જ સભ્ય હોવા છતાં રાત્રિના અંધારામાં પાઈપ લઈ જતા ડી.કે.પટેલ સામે પાલિકા તંત્ર કેમ કાર્યવાહી કરતા ડર અનુભવે છે તે સમજાતું નથી જયારે પાલિકામાં છડેચોક રાત્રિના અંધારામાં પાઈપ ઉઠાવી જનાર સામે માત્ર નોટિસ પાઠવીને પાલિકા તંત્રે ઘટનાનો ઢાંક પીછોડો કરતું હોવાની પ્રતીતિ થઈ રહી છે.

પાના ૮ ઉપરનું ચાલું

## ભ્રષ્ટાચારી ભાજપમાં જોડાતા

તરૂણ ગોગોઈની સરકાર વખતે કોંગ્રેસ આસામમાં સત્તામાં હતી. તત્કાલિન કેબિનેટ મંત્રી હિમંતા બિસ્વા સરમા પર ચિટ ફંડ કૌભાંડનો આરોપ હતો. સીબીઆઈએ તેમને આ કેસમાં આરોપી બનાવ્યા હતા. સરમાની છેલ્લે નવેમ્બર ૨૦૧૪માં પુછપરછ કરવામાં આવી હતી. તેઓ ઓગષ્ટ ૨૦૧૫ માં ભાજપમાં જોડાયા હતા તેમની ફાઈલ બંધ થઈ ગઈ અને આજે તેઓ આસામના મુખ્યમંત્રી છે.

શુભેન્દુ અધિકારી હાલમાં ભાજપના મજબુત નેતા અને પશ્ચિમ બંગાળમાં વિરોધ પક્ષના નેતા છે. મમતા સરકારમાં મંત્રી રહીચુકેલા શુભેદુની શારદા કૌભાંડ કેસમાં સીબીઆઈ ધ્વારા પુછપરછ કરવામાં આવી હહતી. ટીએમસીનો આરોપ છે કે જયારે અધિકારીઓ ટીએમસીમાં હતા ત્યારે તપાસ એજન્સીઓ તેમને હેરાન કરતી હતી પરંતુ તેઓ ભાજપમાં જોડાતાની સાથે જ તેમને કલીનચીટ મળી ગઈ હતી.

આ જ વાત મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ અજિત પવારને પણ લાગુ પડે છે. એનસીપી ચીફ શરદ પવારના ભત્રીજા અજીત પર ૭૦ હજાર કરોડ રૂપિયાના સિંચાઈ કૌભાંડનો આરોપ હતો. દેવેન્દ્ર ફડણવીસે પણ અજીત પર ભ્રષ્ટાચારનાં ગંભીર આરોપો લગાવ્યા હતા. હવે ભાજપમાં જોડાયા બાદ તેમની સામેની તપાસ બંધ કરી દેવામાં આવી છે. આજે અજીત મહારાષ્ટ્રમાં બીજેપી ગઠબંધન સરકારમાં ડેપ્યુટી સીએમ છે.

એજ રીતે અન્ય નામોમાં મુકુલ રોય, પ્રવિણ ધારેકર, બી.એસ. યેદિયુરપ્પપા, નારાયણ રાણે અને જિતેન્દ્ર તિવારી સહિતનાં ઘણા નેતાઓનનો સમાવેશ થાય છે. ૨.કોડર્સ દર્શાવે છે કે એનસીપી જૂથના બેટોચના નેતાઓ અજિત પવાર અને પ્રફુલ પટેલના કેસ બંધ થઈ ગયા હતા. કુલ ૨૫ નેતાઓની યાદીમાં મહારાષ્ટ્રમાંથી ૧૨ નામ છે. જેમાંથી ૧૧ ૨૦૨૨ કે પછી ભાજપમાં ગયા જેમાં એનસીપી, શિવસેના અને કોંગ્રેસના ચાર–ચાર નેતાઓનો સમાવેશ થાય છે.

રાજકીય પક્ષો ભ્રષ્ટાચારના મામલામાં વિપક્ષના નેતાઓને નિશાન બનાવવા માટે તેને વોશિંગ મશીન ગણાવે છે. વિપક્ષનો આરોપ છે કે ભાજપ પાસે એવું વોશિંગ મશીન છે કે જે પણ નેતા ભાજપમાં જોડાય તેની સામે ભ્રષ્ટાચારના કેસ બંધ થઈ જાય છે. બે મહિના પહેલા જયારે ૧૪ પક્ષકારો સીબીઆઈ અને ઈડી કાર્યવાહી વિરૂધ્ધ સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યા હતા ત્યારે પીએમ મોદી પોતે તેના બચાવમાં આવ્યા હતા. પીએમ મોદીએ ટોણો માર્યો હતો કે ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા નેતાઓ એક મંચ પર આવી રહ્યા છે. કેટલાક પક્ષોએ ભ્રષ્ટાચાર બચાવો આંદોલન શરૂ કર્યુ છે પરંતુ કાર્યવાહી અટકશે નહીં.

હાલમાં જ દક્ષિણ ભારતીય ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં પીએમ મોદીએ ફરી કહ્યું કે તપાસ એજન્સીઓએ ભ્રષ્ટાચારીઓ વિરૂધ્ધ અભિયાન શરૂ કર્યુ છે જે અટકવાનું નથી.

એવું નથી કે આવા આક્ષેપો માત્ર ભાજપ પર જ થયા છે. હા કોંગ્રેસની સરકાર વખતે પણ તપાસ એજન્સીઓના દુરૂપયોગના કિસ્સાઓ સામે આવ્યા હતા. ૨૦૦૯માં કોંગ્રેસની આગેવાની હેઠળની યુપીએ સરકાર દરમિયાન સીબીઆઈએ બીએસપીના માયાવતી અને એસપીના મુલાયમસિંહ યાદવ સામે ભ્રષ્ટાચારના કેસોમાં તેમનું વલણ બદલ્યું હતું કારણ કે તેઓએ યુપીએને સમર્થન આપ્યું હતું.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીનાં નાના ભંડારીયા ગામ નજીકથી

સામતભાઈ મનોદરીયા નામનાં ડ્રાઈવરે ભેંસ જીવ નંગ–૩ ને ઉઠવા બેસવાની અગવડતા ભરી સ્થિતિમાં તેમજ ખીચો–ખીચ બોલેરોમાં ભરી ગત તા. ૨ ના રોજ બપોરે મોટા આંકડીયા તરફ જતા નાના ભંડારીયા પાટીયા પાસે ઘાસચારાની તથા પાણીની સગવડ વગર અને કતલ કરવાના ઈરાદે હેરફેર કરી પશુ પ્રત્યે ક્રુરતા આચરેલ હોય અને ભેંસોના હેરફેર અંગેના કોઈ જાતના આધાર પુરાવા વગર તથા પાસ પરમીટ રાખેલ ન હોય ભેંસ કિંમત રૂપિયા ૬૦,૦૦૦ તથા બોલેરો પીક અપ નં. જીજે–૧૧ ટી.ટી. ૫૬૭૨ કિંમત રૂપિયા ૨,૦૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૨,૬૦,૦૦૦ સાથે મળી આવતા અમરેલી રૂરલ પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

પાના ૧ ઉપરનું ચાલું

## લક્ષ્મી ડાયમંડને સોશ્યલ રિસ્પોન્શીબલ

સેવાકીય પ્રવૃત્તિનું જીવંત ઉદાહરણ સુરતનું વાત્સલ્યધામ છે. દેશમાંથી અનાથ, મજુરી કરનાર, ભીખ માંગતા બાળકોને વાત્સલ્ય, પ્રેમ અને હુંફ આ સંસ્થામાં મળે છે. તેમના આરોગ્ય નિવાસ, ભોજન અને રોજગારની તાલીમની ચિંતા ગજેરા પરિવાર કરે છે. જેમાં આજે ૧૦૦૦ બાળકો નિઃશુલ્ક લાભ મેળવી રહ્યા છે. નાતજાતના ભેદ વગર રાષ્ટ્રના ઉમદા દેશપ્રેમી નાગરિકો તૈયાર કરવાની પ્રેરણાદાયી પ્રવૃત્તિઓ આ પરિવાર દ્વારા સતત થઈ રહી છે. દર રવિવારે, તહેવારોએ વસંતભાઈ તથા તેમનો પરિવાર બાળકો સાથે સમય વિતાવે છે, તેમની સાથે રમે છે. જીવનલક્ષી, સંસ્કારની વાતો આત્મીયતાથી કરે છે. પરિવારના સભ્યો જેવી લાગણી, ભાવ અને વાત્સલ્ય આપે છે. સમાજની વિશિષ્ટ વ્યકિતઓના જ્ઞાન–અનુભવો મળે તે માટે મુલાકાત અને સેમીનાર યોજવામાં આવે છે. ઓડીશામાં નવું વાત્સલ્યધામ ૨૦૨૪માં શરૂ થઈ રહ્યું છે. દેશમાં નવા ૧૫ વાત્સલ્યધામ ઉભા કરવા માટે આ પરિવાર સતત પ્રયત્ન કરી રહ્યા છે.

ગજેરા પરિવારનો વતન પ્રત્યેનો પ્રેમ આ અમરેલી જેવા છેવાડાના શહેરમાં કે જયાં ધંધા રોજગારનો અભાવ છે. ઉદ્યોગ–કારખાનાનો વિકાસ પ્રમાણમાં ખૂબ ઓછો છે જેથી અન્ય શહેરોમાં સ્થળ ાંતરનું પ્રમાણ વિશેષ છે. ત્યારે વસંતભાઈ ગજેરાએ શિક્ષણનાક્ષેત્રે અગ્રેસર શહેર બનાવવાનું સ્વપ્ન સેવ્યુ અને આજે સાકારિત થઈ રહ્યું છે. ૨૦૦૪માં દીકરીઓ માટે ચક્કરગઢ રોડ અમરેલીમાં શૈક્ષણિક સંકુલ સ્થાપ્યું. જેમાં આજે કેજી થી પીજી સુધીનું શિક્ષણ ૧૦૦૦૦ દીકરીઓ મેળવી રહી છે. ઉત્તમ શિક્ષણ સાથે વિશાળ કેમ્પસ અને ઈન્ફ્રાસ્ટ્રકચર સાથે અનેક સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. ઉપરાંત તેજસ્વી બાળકો કે જેમની આર્થિક સ્થિતિ નબળી હોય અને તે શિક્ષણથી વંચિત ન રહે તે માટે આર્થિક સહાય પણ આ પરિવાર પાસેથી હંમેશા પ્રાપ્ત થઈ રહી છે.

ડો. જીવરાજ મહેતાનું શિક્ષણનું સ્વપ્ન સાકાર કરવા ૨૦૦૭થી વિદ્યાસભા સંસ્થાનું સુકાન વસંતભાઈ ગજેરાએ સંભાળ્યું. અમરેલીના બાળકોને સારૂં શિક્ષણ ઓછી ફીમાં મળે તે માટે બોયઝ હોસ્ટેલ સાથેનું કેજી થી પીજી સુધી શિક્ષણ પ્રાપ્ત કરવા માટે ૧૧૦ એકરમાં વિસ્તરિત કેમ્પસને ડેવલપ કરવાનું બીડું ઝડપ્યું.

બીએ, બીકોમ, બીએસસી કોલેજથી આગળ એન્જીનીયરીંગ કોલેજ, એમબીએ કોલેજ, બીસીએ કોલેજ, નર્સિંગ કોલેજ ઉપરાંત બાલમંદિરથી ૧૨ આર્ટ્સ , કોમર્સ, સાયન્સમાં ગુજરાતી, અંગ્રેજી અને મિશ્ર માધ્યમ કાર્યરત થયા છે. અમરેલીમાં સ્પોર્ટ્સ ક્ષેત્રે અગ્રેસર બને તે માટે ડીએસએસએસ સ્કૂલ અને જિલ્લાના ટેલેન્ટેડ વિદ્યાર્થીઓ માટે જ્ઞાનશકિત રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એકસેલન્સ આ કેમ્પસમાં કાર્યરત છે. જે અમરેલીના શિક્ષણપ્રેમી નાગરિકોનાં માટે ઘરઆંગણે ઉમદા શિક્ષણની સુવિધા પ્રાપ્ત થઈ રહી છે.

અમરેલી શહેરમાં આરોગ્યક્ષેત્રે ઉત્તમ સવલત મળે, સામાન્ય લોકો માટે નજીકમાં જ આરોગ્યની સારવાર મળી રહે તે માટે શાંતાબા હોસ્પિટલનું મેનેજમેન્ટ ગજેરા ટ્રસ્ટ દ્વારા થઈ રહ્યું છે. જયાં મેડીકલ કોલેજ થાય તેવો વિચાર પણ ન આવે ત્યાં આજે અમરેલીમાં એમબીબીએસ કોલેજનો અભ્યાસ શરૂ કરવાનું શ્રેય વસંતભાઈ ગજેરાને છે. ખૂબ જ ટુંકા સમયમાં જનરલ હોસ્પિટલમાં અનેક સુવિધાઓ સાથે નવું ઈન્ફ્રાસ્ટ્રકચર વિકસાવી અમરેલીના ‘વતનના રતન’નું બિરૂદ સાર્થક કર્યુ છે. આરોગ્યક્ષેત્રે ગજેરા પરિવાર ઉમદા કાર્ય કરી સામાન્ય લોકોના આરોગ્યની ચિંતા કરી છે.

હીરા ઉદ્યોગમાં પણ હજારો કારીગરોને રોજગાર આપી રહ્યા છે. તે હજારો પરિવાર માટે રોજગારીની તકો નિર્માણ કરી રોજગારી આપી રહ્યા છે. જવેલર્સમાં ૪૦ દેશોમાં ૩૦૦૦૦ સ્ટાફ પરિવાર ભાવનાથી કામ કરી રહ્યો છે. પોતાની ઉજ્જવળ કારકિર્દી બનાવી રહ્યા છે.

આ ઉમદા કાર્યમાં વસંતભાઈ ગજેરા સાથે તેમના બંધુઓ ચુનીભાઈ, ધીરૂભાઈ, ગિરધરભાઈ, અશોકભાઈ, બકુલભાઈ વગેરેનો અવિરત સહયોગ મળતો રહે છે. ગજેરા પરિવારના તમામ સદસ્યો ખરેખર અભિનંદન અને ધન્યવાદને પાત્ર છે. જેઓ સમાજ માટે સેવા માટેનું કાર્ય કરી ઉમદા જીવન જીવી આપના સૌને માટે પ્રેરણાસ્ત્રોત છે. ફરી ફરીને હૃદયપૂર્વક ધન્યવાદ છે.

સમગ્ર અમરેલી જિલ્લામાં શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે સૌથી વધુ સેવાકીય કાર્યમાં કરોડો રૂપિયાનાં ફંડ ધ્વારા લોકોને કાયમી લાભ મળતો રહે તેવા ઉમદા ધ્યેય સાથે ગજેરા પરિવાર સેવાકીય કામ કરી રહ્યું છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૦૧ |
| ૨ | ઘઉં | ૪૦૦ | ૫૩૦ |
| ૩ | ચણા | ૯૨૫ | ૧૦૮૭ |
| ૪ | તુવેર | ૧૬૩૭ | ૧૯૫૧ |
| ૫ | ધાણા | ૧૨૬૫ | ૧૩૫૪ |
| ૬ | મગ | ૧૮૫૧ | ૧૮૫૧ |
| ૭ | એરંડા | ૧૧૦૦ | ૧૧૨૫ |
| ૮ | મેથી | ૯૫૦ | ૯૫૦ |
| ૯ | સોયાબીન | ૭૦૧ | ૮૩૬ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૨૯ | ૧૨૩૦ |
| ૨ | શિંગ મોટી | ૧૦૨૬ | ૧૨૭૭ |
| ૩ | શીંગદાણા ફાડા | ૧૩૯૦ | ૧૬૫૦ |
| ૪ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૭૫૧ |
| ૫ | તલ કાશ્મીરી | ૩૮૩૫ | ૩૮૩૫ |
| ૬ | બાજરો | ૩૫૦ | ૪૨૯ |
| ૭ | જુવાર | ૬૨૫ | ૧૦૦૧ |
| ૮ | ઘંઉ ટુકડા | ૪૧૪ | ૭૧૨ |
| ૯ | ઘઉં લોકવન | ૪૧૦ | ૫૮૨ |
| ૧૦ | મકાઈ | ૪૨૫ | ૫૯૫ |
| ૧૧ | ચણા | ૮૮૮ | ૧૧૦૧ |
| ૧૨ | ચણા દેશી | ૧૦૦૦ | ૧૨૮૦ |
| ૧૩ | તુવેર | ૧૦૪૦ | ૧૯૫૬ |
| ૧૪ | કપાસ | ૧૦૧૫ | ૧૫૮૩ |
| ૧૫ | એરંડા | ૧૦૫૦ | ૧૧૧૭ |
| ૧૬ | જીરૂ | ૩૬૯૦ | ૫૨૭૫ |
| ૧૭ | રાયડો | ૭૨૫ | ૮૯૭ |
| ૧૮ | રાય | ૧૦૯૦ | ૧૩૧૦ |
| ૧૯ | ધાણા | ૧૩૪૦ | ૧૮૩૦ |
| ૨૦ | ધાણી | ૧૨૮૦ | ૨૪૪૦ |
| ૨૧ | અજમા | ૨૨૦૦ | ૨૨૧૦ |
| ૨૨ | મેથી | ૯૦૦ | ૧૩૦૦ |
| ૨૩ | સોયાબીન | ૭૦૦ | ૮૯૫ |
| ૨૪ | મરચા લાંબા | ૭૦૦ | ૫૫૫૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૫૦ | ૧૬૦૫ |
| ૨ | મગફળી | ૧૦૮૬ | ૧૧૯૪ |
| ૩ | જીરૂ | ૩૯૧૦ | ૪૭૫૦ |
| ૪ | ઘઉં | ૪૪૩ | ૫૭૭ |
| ૫ | ચણા | ૧૦૬૨ | ૧૧૦૦ |
| ૬ | ધાણા | ૧૨૯૦ | ૧૭૧૦ |
| ૭ | તુવેર | ૧૪૩૦ | ૧૭૮૦ |
| ૮ | એરંડા | ૧૦૫૮ | ૧૦૭૨ |
| ૯ | મેથી | ૯૪૦ | ૧૦૩૦ |
| ૧૦ | રાઈ | ૯૮૦ | ૧૨૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૮૦ | ૧૨૦૪ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૪ | ૧૨૫૧ |
| ૩ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૫૮૦ |
| ૪ | જીરૂ | ૩૧૦૦ | ૪૭૦૦ |
| ૫ | કપાસ | ૧૩૫૧ | ૧૫૪૧ |
| ૬ | ઘઉં લોકવન | ૪૪૦ | ૫૩૬ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૭૧૫ |
| ૮ | બાજરો | ૪૫૫ | ૫૨૭ |
| ૯ | જુવાર | ૭૫૦ | ૯૦૦ |
| ૧૦ | મગ | ૫૦૧ | – |
| ૧૧ | ચણા | ૧૦૩૦ | ૧૧૫૦ |
| ૧૨ | ચણા દેશી | ૧૧૦૦ | ૧૩૫૧ |
| ૧૩ | તુવેર | ૧૫૦૦ | ૧૮૭૫ |
| ૧૪ | એરંડી | ૧૧૦૦ | ૧૧૨૯ |
| ૧૫ | મેથી | ૬૫૦ | ૧૦૦૦ |
| ૧૬ | રાય/રાયડો | ૮૫૦ | ૧૨૦૫ |
| ૧૭ | ધાણા | ૧૩૫૧ | ૨૫૫૧ |
| ૧૮ | સોયાબીન | ૮૦૦ | ૮૫૦ |
| ૧૯ | વરીયાળી | ૩૮૦૦ | ૩૯૦૧ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૧ | ૧૫૭૬ |
| ૨ | જુવાર સફેદ | ૮૩૧ | ૮૩૧ |
| ૩ | ચણા | ૧૦૨૬ | ૧૦૮૧ |
| ૪ | એરંડા | ૧૦૮૦ | ૧૦૮૦ |
| ૫ | તુવેર | ૧૭૦૦ | ૧૭૮૦ |
| ૬ | ઘઉં | ૪૫૦ | ૫૨૦ |
| ૭ | ધાણા | ૧૪૬૦ | ૧૪૬૦ |
| ૮ | બાજરો | ૪૬૫ | ૫૦૦ |
| ૯ | વાલ | ૧૪૦૦ | ૧૪૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૩૫ |
| ૨ | ચણા | ૭૫૫ | ૧૦૬૫ |
| ૩ | જુવાર | ૫૩૫ | ૫૩૫ |
| ૪ | ચણા સફેદ | ૧૧૦૫ | ૧૧૦૫ |
| ૫ | ધાણા | ૧૨૦૦ | ૧૪૫૦ |
| ૬ | ઘઉં લોકવન | ૩૬૧ | ૪૯૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૩૯૧ | ૪૮૬ |
| ૮ | સોયાબીન | ૭૦૦ | ૮૬૫ |
| ૯ | રાય | ૮૪૫ | ૮૪૫ |
| ૧૦ | મેથી | ૭૮૦ | ૯૭૦ |
| ૧૧ | તુવેર | ૧૫૧૦ | ૧૮૦૦ |
| ૧૨ | ધાણી | ૧૮૭૦ | ૧૮૭૦ |
| ૧૩ | મગફળી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૪ | તલ સફેદ | ૨૨૫૧ | ૨૩૦૦ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૭૮ | ૧૫૧૬ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૪૯૫ | ૯૭૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૫૦ | ૧૧૨૫ |
| ૨ | તલ સફેદ | ૨૩૦૦ | ૨૫૦૦ |
| ૩ | તલ કાળા | ૨૮૫૧ | ૨૮૫૧ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૫૦૫ |
| ૫ | બાજરો | ૪૨૫ | ૫૬૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૬૫ | ૬૧૧ |
| ૭ | જુવાર | ૭૦૦ | ૯૦૬ |
| ૮ | મગ | ૨૩૦૨ | ૨૩૦૨ |
| ૯ | મેથી | ૧૦૦૦ | ૧૦૫૧ |
| ૧૦ | તુવેર | ૧૨૦૦ | ૧૫૦૧ |
| ૧૧ | ચણા | ૯૫૦ | ૧૦૯૩ |
| ૧૨ | જીરૂ | ૧૯૦૦ | ૩૯૦૦ |
| ૧૩ | રાજગરો | ૧૨૨૫ | ૧૨૨૫ |
| ૧૪ | સોયાબીન | ૮૫૦ | ૮૬૦ |
| ૧૫ | ધાણા | ૯૫૦ | ૯૫૦ |

### સ્વ. સુનિતાબેન ચુનીભાઈ ગજેરાની સ્મૃતિમાં

# અમરેલી ખાતે બાલમુંકુદ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદો પરિવાર સાથે ભાવવંદના કરાઈ

### દયાબેન ધાનાણી,પિન્ટુભાઈ ધાનાણી,લવ ધાનાણી,કુશ ધાનાણી સહિત જોડાશે




અમરેલી, તા.૩

સ્વ.સુનિતાબેન ચુનિભાઈ ગજેરાની તૃતિય પુણ્યતિથિ નિમિત્તે બાલમુકુંદ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ અમરેલી દ્વારા વિવિધ સેવાન્વિત કાર્યો દ્વારા જરૂરિયાતમંદ લોકો વચ્ચે રહી તેમની સંવેદનાઓને સહાનુભૂતિ, હુંફ,એવમ આત્મિયતા સાથે જીવન જરૂરી વસ્તુઓ પ્રદાન કરી એક ઉમદા ઉદાહરણ પુરૂ પાડતા ટ્રસ્ટના સનિષ્ઠ મહાનુભાવો દયાબેન ધાનાણી, પીન્ટુભાઈ ધાનાણી, ચિ.લવ ધાનાણી એવમ ચિ.કુશ ધાનાણી દ્વારા સ્વ.સુનિતાબેન ચુનિભાઈ ગજેરાની તૃતિય પુણ્યતિથિ નિમિતે ભાવવંદના પ્રદાન કરી અનોખી શ્રદ્ધાંજલિ પ્રદાન કરવામાં આવી હતી.

### હાઈ-વેથી મંદિર તરફ જતા માર્ગની દુર્દશા

# સુપ્રસિધ્ધ ભુરખિયા હનુમાન મંદિર સુધીના બિસ્માર માર્ગની મરામત કરો

### શ્રધ્ધાળુઓની સુવિધામાં વધારો કરવા માંગ

દામનગર, તા.૩

લાઠી થી દામનગર વચ્ચે આવેલ સ્વયમ પ્રગટ શ્રી ભુરખીયા હનુમાનજી મંદિરે કાયમ માટે હજજારોની સંખ્યામાં શ્રધ્ધાળુઓ દર્શનાર્થે આવતા હોય છે.આ મંદિર દ્વારા બનાવેલ ટ્રસ્ટને ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડમાં સમાવેશ કરાયો છે અને તેનું સંચાલન અમરેલી કલેકટર દ્વારા થાય છે,તદુપરાંત આ ટ્રસ્ટને મંદિર - પરિસર અને બહારના ભાગમાં કે જયા સ્મશાન અને સમૂહ લગ્નોત્સવ અને ચૈત્રી પૂનમનો ( હનુમાન જયંતી ) મોટો મેળો ભરાય છે તે વિસ્તારનો તેમજ જરૂર જણાય ત્યાં દર્શનાર્થીઓ અને લોકોને સારી સુવિધા અને સગવડતા મળે તે હેતુથી સરકાર તરફથી ગ્રાન્ટ મળતી રહે છે. આવા સરસ અને પવિત્ર ધર્મસ્થાન સુધી પહોંચવા માટે હાઈવે પરથી મંદિર સુધીનો માર્ગ ખખડી જતા વાહન ચાલકો અને પગપાળા જતા દર્શનાર્થીઓ ,અને વાડી ખેતર જતા કિસાનો અને શ્રમિકો તોબા પોકારી ઊઠે છે..!! પદાધિકારીઓ અને પ્રશાસનના અધિકારીઓ પણ અહીંયા દર્શન કરવા આવતા હોય તે બધાને આ ખરાબ રોડ બાબતની ખબર હોવા છતાં આંખ આડા કાન કરતા હોય,લોકો ના છૂટકે સહન કર્યે જતા હોય,આગામી દિવસોમાં ચૈત્ર મહિનાનો પ્રારંભ થશે અને હનુમાન જયંતી આવશે, તે પહેલા દર્શનાર્થીઓની લાગણી ને ધ્યાનમાં રાખી બાય પાસથી બાય પાસ સુધીનો રસ્તો નવો બનાવવા (ચૂંટણીની આચાર સંહિતા હોવા છતાં) તંત્ર યોગ્ય કાર્યવાહી કરે એવી આ રોડ પરથી પસાર થતાં લોકોની નમ્ર વિનંતી છે.

# અમરેલીનાં સારહિ તપોવન આશ્રમને રામેશ્વર ધૂન મંડળની સહાય



અમરેલી, તા. ૩

સેવાનાં સરનામે ઉમળકા સાથે "રામેશ્વર ધૂન મંડળ દ્વારા" ધૂન તેમજ સત્સંગ નું ખૂબ સરસ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં "રામેશ્વર ધૂન મંડલ દ્વારા સારહી તપોવન આશ્રમ ને ૩,૧૦૦/- ની રકમ ફૂલ નહિ તો ફૂલ ની પાંખડી સ્વરૂપે અનુદાન આપતા સારહી પરિવાર વતી તપોવન આશ્રમ નાં સ્વપન દ્રષ્ટા-પ્રેરણા સ્ત્રોત મુકેશભાઈ સંઘાણી દ્વારા અનુદાન સ્વીકારીને સમગ્ર સારહી પરીવાર વતી હૃદય પૂર્વક આભાર માનવામાં આવેલ.

### રમઝાન એટલે સિતેર ગણી કમાણી કરવાની તક

# સાવરકુંડલામાં જરૂરિયાત મંદોને સહાય કરતા હનીફ મુસા શેખાણી



સાવરકુંડલા, તા.૩

સાવરકુંડલા ખાતે ગરીબ જરૂરિયાત મંદોને રોકડ ની સહાય કરી જરૂરિયાત મંદો ની જરૂરિયાત પૂરી પડતા હનીફમુસા શેખાણી. કુદરતે તમને સાહેબ માલદાર બનાવીયા હોય તો જરૂરિયાત મંદો ને પોતાની જરૂરિયાત પૂરી કરો તો અલ્લાહ રાજી થાય અને અલ્લાહ દેવા વાળા ને એક ના સિત્તેર આપવા બંધાયેલા છે અને જેમને અલ્લાહ તાલ્લાહ એ નવા જેલ છે તે ગરીબો ને સહાય કરવાનું ભૂલતા પણ નથી સાવરકુંડલા ના મુસ્લિમ સમાજ અગ્રણી અને સખીદાતા હનીફભાઈ મુસાભાઈ શેખાણી જે ગરીબો ને દરેક તહેવારો માં રોકડ અથવા ચીજ વસ્તુ ઓ ની સહાય કરવા નું ચુકતા નથી પવિત્ર રમજાન શરીફમાં જે વ્યક્તિ સહાય કરે તેને અલ્લાહ એકનું સિત્તેર ઘણું આપવા અલ્લાહ બંધાયેલ છે તેવા બરકત વાળા માસમાં હનીફમુસા એ ગરીબ જરૂરિયાત મંદો ને રોકડ રકમ ની સહાય કરી સખાવત ના મહિનામાં સખાવતી કરી લોકો ની દુઆ લેતા હોય છે ત્યારે ગરીબો ને રોકડ રકમની સહાય કરે છે તેવું તસ્વીરમાં જોવા મળેલ છે.

# સોમનાથ વેરાવળ મુકામે તદ્દન નિશુલ્ક નેત્ર યજ્ઞ યોજાશે



સાવરકુંડલા, તા.૩

તારીખ૦૬/૦૪/૨૦૨૪ને શનિવાર સ્વ. શ્રી વલ્લભબાપાના સ્મરણાર્થે આયોજિત નેત્રયજ્ઞ તારીખ ૦૬/૦૪/૨૦૨૪ ને શનિવાર ના રોજ સવારે ૭ : ૦૦ વાગ્યા થી ૧૧:૦૦ વાગ્યા સુધી શિવાનંદ મિશન વીરનગર રાજકોટ ડોકટર દ્વારા ઓપીડી તપાસવામાં આવશે તેમાંથી જરૂરીયાત મંદ દર્દીને ઓપરેશનમાં જમ્યા પછી તરત જ બસમાં લઈ જવામાં આવશે. વીરનગર રાજકોટ ખાતે ઓપરેશન કરી આપવામાં આવશે. ઓપરેશન કર્યા પછી બધા દર્દી પરત પ્રભાસ પાટણ વેરાવળ ખાતે મૂકી જવામાં આવશે દર્દી તથા સગાને ચા પાણી જમવાનું સંસ્થા દ્વારા વ્યવસ્થા કરવામાં આવશે. કોઈપણ પ્રકારની ફી લેવામાં આવશે નહિ. જે દર્દીને નામ લખાવવાનું હોય તે વહેલા તે પહેલાના ધોરણે નામ લખવાનું રહેશે નામ લખાવવાનું સ્થળ પ.પૂ.શ્રી ડોંગરેજી મહારાજ અન્નક્ષેત્ર સોમનાથ પ્રભાસ પાટણ કોન્ટેક નંબર ૮૩૨૦૬૦૦૪૬૧. વધુ માહિતી : કાનજીભાઈ દોરીયા ૯૨૨૭૬૩૦૪૪૬. આશ્રમ સેવક કેવિન કાનાબારની યાદીમાં જણાવાયું છે.

### 3 દાયકા કરતા વધુ સમય ફરજ બજાવીને

# રાજુલા સહકારી હોસ્પિટલનાં કર્મચારી વય મર્યાદાથી નિવૃત થયા

### હોસ્પિટલ સ્ટાફ દ્વારા શુભેચ્છા પાઠવાઈ



રાજુલા, તા. ૩

રાજુલાની સરકારી હોસ્પિટલમાં ૩૧ વર્ષથી નિષ્ઠાપુર્વકફરજ બજાવતા કર્મચારી અશોકભાઈ ગોહિલ વય મર્યાદા નિવૃત થતા અધિક્ષક ડોકટર હરેશ જેઠવા, આરએમઓ શકિતરાજ ખુમાણ, ડો. કલસરીયા, મુકેશભાઈ બલદાણીયા, પરેશભાઈ દેવેરા સહિતે શુભકામનાઓ પાઠવી હતી.

રાજુલા શહેરમાં સરકારી હોસ્પિટલમાં નોકરી કરતા અશોકભાઈ બી ગોહિલ. વય મર્યાદા ના કારણે ૨૧ વર્ષથી નિયમિત રીતે નોકરી કરતા હતા ને તા. ૩૧/૩/૨૦૨૪ના નિવૃત થયા છે ત્યારે રાજુલા સરકારી હોસ્પિટલના અધિકારીઓએ વિદાય આપી હતી મન ભેરે ત્યારે રાજુલા સરકારી હોસ્પિટલના અધિકારીઓ એ વિદાય આપી હતી મન ભેરે ત્યારે સતત સેવાઓ આપી રહ્યા હતા ત્યારે તેમને જણાવ્યું હતું કે નોકરી તો મારી એક ફરજ છે પરંતુ હું રાજુલાનો છું આસપાસના આવતા દર્દીઓ તમામ સામાન્ય અને મધ્યમ વર્ગના લોકો જયારે સરકારી હોસ્પિટલમાં સારવાર લેવા આવતા હોય ત્યારે તેમને નજીકના સેન્ટરોમાં સારવાર લેવા જવું પડે છે ત્યારે રાત કે દિવસ જોયા વગર અડધી રાતે સેવાઓ આપી છે.વાવાઝોડું હોય કોરોનો કાળો હોય જાનના જોખમે પોતાના પરિવારની ચિંતા કર્યા વગર દર્દીઓને પોતાના જાનના જાખમે અને નજીકના સેન્ટરોમાં કરેલ છે ત્યારે અશોકભાઈ ગોહિલ તા. ૩૧/૩/૨૦૨૪ના નિવૃત થયા હતા ત્યારે આ હોસ્પિટલના અધિક્ષક ડોકટર હરેશભાઈ જેઠવા તેમજ આરએમઓ શકિતરાજ ખુમાણ, ડોકટર વિનુભાઈ કલસરિયા, મુકેશભાઈ બલદાણીયા તેમજ પરેશભાઈ દેવેરા સહિતના તમામ સ્ટાફ તેમની અને એમ્બ્યુલન્સમાં તેનો કરી કરતા હતા ત્યાંથી તેમના ઘર સુધી મૂકવા ગયેલા હતા વિદાય સમારંભ શુભેચ્છા સાથે ભાવ વિભોર થઈ અને વિદાય આપી.

# અમરેલી જિલ્લા સહકારી સંઘના બોર્ડ ડિરેક્ટર્સની બેઠક મળી



અમરેલી, તા. ૩

અમરેલી જીલ્લા સહકારી સંઘના બોર્ડ ઓફ ડિરેક્ટર્સઓની ઈફકો અને એન.સી.યુ.આઈ. ના અધ્યક્ષ દિલીપભાઈ સંઘાણી, અમર ડેરીના અધ્યક્ષ અશ્વિનભાઈ સાવલિયા અને અમરેલી જીલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીની ઉપસ્થિતિમાં વર્ષ ૨૦૨૩-૨૪ની છેલ્લી બેઠક મળી હતી જેમાં વર્ષ દરમિયાન થયેલ કામો વિષે ચર્ચા કરવામાં આવી હતી તેમજ આગામી વર્ષના આયોજન બાબતે ચર્ચા કરવામાં આવેલી હતી.

# અમરેલીના શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં વાર્ષિકોત્સવની ઉજવણી



અમરેલી, તા. ૩

અમરેલીમાં દેવી સરસ્વતીની તપો ભૂમિના ધામ તરીકે વિદ્યાલય શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં - તા : ૨૨/૦૩/૨૦૨૪ નાં રોજ ધો-૧૦ અને ૧૨ નો વિદાય સમારંભ અને વાર્ષિક દિવસ નિમિતે સંસ્કૃતિક કાર્યકર્મનું સુંદર આયોજન થયું હતું. - કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી થઈ અને દીપ પ્રાગટય પછી સંસ્થાના આચાર્ય જીતેન્દ્રભાઈએ બધાનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. આ પ્રસંગે શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા-આઠ જેટલી સાસ્કૃતિક કૃતિ રજુ કરી હતી. શાળનાં સંચાલક દીપકભાઈ વઘાસીયા અને વિલાસબેન વઘાસીયાએ પ્રેરક હાજરી આપી હતી. દીપકભાઈએ પોતાના વકતવ્યમાં ઉતમ શિક્ષણ આપવા સમર્પિત એવી સંસ્થાનો વિગતે પરિચય આપ્યો હતો.

ખાસ મહેમાનોમાં કૌશિકભાઈ વેકરીયા વર્તમાન ધારાસભ્ય અને દંડક એ વિદ્યાર્થીઓને પ્રેરક વકતવ્ય આપ્યું હતું. તેમજ પૂર્વ કેબીનેટ મંત્રી બાવકુભાઈએ પણ પ્રેરક હાજરી આપી હતી. ભારતીય જનતા પાર્ટીના અગ્રણીથી હિરેનભાઈ હિરપરા તેમજ શીતલ આઈસ્ક્રીમના માલિક દિનેશભાઈ ભૂવા અને વિશાળ વાલીગણની ઉપસ્થિતિમાં સંસ્થાનાં વિદ્યાર્થીઓ અને પૂર્વ વિદ્યાર્થીઓનું એક સુંદર સ્નેહસંમેલન યોજાયું હતું.

આ પ્રસંગે જાણીતા મોટીવેશનલ સ્પીકર અને સોશિયલવર્કર પિયુષભાઈ ધાનાણીને પોતાનું વકતવ્ય આપ્યું હતું. સાથે જ સુપ્રસિદ્ધ લોકગાયક તેજદાન ગઢવી એ પોતાની આગવી શૈલીથી રજૂઆત કરી શ્રોતાઓમાં રંગત લાવી દીધી હતી. શાળાના વિદ્યાર્થીઓએ પણ પોતાના વકતવ્યો અને સાંસ્કૃતિક કાર્યક્રમથી કાર્યક્રમનું વાતાવરણ ઉત્સાહ પ્રેરક બનાવ્યું હતું.

શાળાના શિક્ષિકા બહેનો એ બધી કૃતિઓને ટૂંક સમયમાં પણ માવજતભર્યા સ્પર્શ આપીને ઉત્કૃષ્ટ બનાવવામાં પોતાનો સહયોગ આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન હેમાદ્રીબેન જોષીએ તથા કેતનભાઈ જોશી એ ભાવવાહી રીતે કર્યુ હતું.

કાર્યક્રમના સમાપનમાં બધા જ વિદ્યાર્થીઓએ સમૃતિ ભેટ તેમજ પ્રોત્સાહક ઈનામો આપ્યા હતા વર્ષ દરમિયાન સંસ્થાએમાં થયેલા વિવિધ પ્રવૃતિઓના વિજેતાઓને ઈનામો આપવામાં આવ્યા હતા. તેમજ દરેક વર્ગમાં ''સ્ટુડન્ટ ઓફ ધ યર'' ના વિદ્યાર્થીઓને ભેટ આપવામાં આવી હતી. સંસ્થાના પૂર્વ વિદ્યાર્થીઓએ જે અત્યારે જુદી જુદી જગ્યાએ સારી પોસ્ટ પર પોતાની સેવા આપે છે તેઓને પણ પોતાના અનુભવ વર્ણવ્યા હતા.

કાર્યક્રમના અંતે બધા જ વાલીઓએ વિદ્યાર્થીઓ તેમજ મહેમાનો માટે સરસ ભોજન વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઉતમભાઈ ચોવટીયા તેમજ સુરેશભાઈ વઘાસીયા એ પોતાનો ઉતમ વ્યવસ્થા નો પરિચય આપ્યો હતો. આ કાર્યક્રમમાં અમરેલીથી દૂર દૂર વસતા વાલીઓએ પણ સંસ્થાના આમંત્રણને માન આપી પોતાના બાળકોને પ્રોત્સાહિત કરવા ખાસ હાજરી આપી હતી.

આમ એક આગવી શિક્ષણ સંસ્થાએ પોતાની સ્નેહમિલન કાર્યક્રમની ઉજવણી અને વાલીઓને પોતાના કામથી આનંદિત કર્યા હતા.

### સિનિયર સિટિઝનનું કન્સેશન પાછું ખેંચી લીધું

# રેલવેને છેલ્લા ચાર વર્ષમાં રૂ.૫,૮૦૦ કરોડની કમાણી

### કોવિડ-૧૯ને કારણે જાહેર થયેલા લોકડાઉનને પગલે સિનિયર સિટિઝનને રેલવે ભાડામાં મળતું કન્સેશન

નવી દિલ્હી, તા.૩

કેન્દ્ર સરકારે ચાર વર્ષે રેલવે ભાડામાં વરિષ્ઠ નાગરિકોનું કન્સેશન પાછું ખેંચી લીધા પછી અત્યાર સુધીમાં ભારતીય રેલવેને આ પગલાથી રૂ.૫,૮૦૦ કરોડની વધારાની આવક થઈ છે. રાઈટ ટુ ઈન્ફર્મેશન એક્ટ (આરટીઆઈ) હેઠળની અરજીમાં રેલવેએ આ ખુલાસો કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, રેલવે મંત્રાલયે ૨૦ માર્ચ, ૨૦૨૦ના રોજ દેશભરમાં કોવિડ-૧૯ને કારણે જાહેર થયેલા લોકડાઉનને પગલે સિનિયર સિટિઝનને રેલવે ભાડામાં મળતું કન્સેશન પાછું ખેંચી લીધું હતું. એ પહેલાં સિનિયર સિટિઝન મહિલાને ૫૦ ટકા અને પુરુષને ૪૦ ટકા કન્સેશન મળતું હતું. કન્સેશન પાછું ખેંચાયા પછી વરિષ્ઠ નાગરિકઓ અન્ય પેસેન્જર્સની જેમ પૂરું ભાડું ચૂકવી રહ્યા છે. મધ્યપ્રદેશના ચંદ્રશેખર ગૌરે આરટીઆઈ હેઠળ ઘણી અરજી કરી હતી. જેના જવાબ અનુસાર ૨૦ માર્ચ ૨૦૨૦થી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૪ સુધીમાં રેલવેને સિનિયર સિટિઝનનું કન્સેશન પાછું ખેંચવાથી રૂ.૫,૮૭૫ કરોડથી વધારાની આવક થઈ છે. ગૌરે જણાવ્યું હતું કે, ''મેં આરટીઆઈ એક્ટ હેઠળ ત્રણ અરજી કરી હતી. પહેલી અરજીમાં રેલવેએ ૨૦ માર્ચ, ૨૦૨૦થી ૩૧ માર્ચ, ૨૦૨૨ સુધીની વધારાની આવકનો ડેટા આપ્યો હતો. બીજી અરજીમાં મને ૧ એપ્રિલ, ૨૦૨૨થી ૩૧ માર્ચ, ૨૦૨૩ સુધીની વિગત મળી હતી. મેં ત્રીજી અરજી મને ૧ એપ્રિલ, ૨૦૨૩થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૪ સુધીનો ડેટા અપાયો હતો. તેના પરથી ૨૦ માર્ચ, ૨૦૨૦થી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૪ સુધીની વધારાની આવકનું કલેકશન સહેલાઈથી જાણી શકાય.''

### હાર્દિકથી કમાન છીનવાઈ શકે એવા એંધાણ

# રોહિત શર્માને મુંબઈ ઈન્ડિયન્સનો કેપ્ટન બનાવાય તેવી સંભાવના

### મુંબઈ ઈન્ડિયન્સ એક એક મેચ જીતવા વલખાં મારી રહી છે : ફ્રેન્ચાઈઝી કેપ્ટનશિપને લઈને મોટો નિર્ણય લઈ શકે

મુંબઈ, તા.૩

મુંબઈ ઈન્ડિયન્સે હોંશે હોંશે હાર્દિક પંડ્યાને કેપ્ટન બનાવ્યો હતો. તેમને લાગ્યું હશે કે ગુજરાત ટાઈટન્સ જેવી રીતે શાનદાર પરફોર્મ કરી રહ્યું છે તેની કેપ્ટનશિપમાં એમ જ મુંબઈ ઈન્ડિયન્સ પણ પ્રદર્શન કરશે. જોકે આ સિઝનની શરૂઆતની ત્રણેય મેચમાં એકતરફી હારનો સામનો કર્યા બાદ હાર્દિકની કેપ્ટનશિપ સામે સવાલ ઉઠી રહ્યા છે. નિષ્ણાંતો તેના નિર્ણયોની નિંદા કરી રહ્યા છે એટલું જ નહીં બોલિંગ ચેન્જ અને બેટિંગ ઓર્ડર સ્ટેબિલિટીનો મુદ્દો પણ તેઓ ઉઠાવી રહ્યા છે.

રોહિત શર્માને જ્યારથી કેપ્ટનશિપ પદેથી કાઢીને હાર્દિકને કેપ્ટન બનાવાયો છે ત્યારથી જ આવો માહોલ જોવા મળી રહ્યો છે. ફેન્સ પણ હાર્દિકને ટ્રોલ કરી રહ્યા છે અને જેમ ફાવે તેમ બોલી રહ્યા છે. ક્રિકબઝ સાથેની વાતચીત દરમિયાન ભારતીય ટીમનાં પૂર્વ બેટ્સમેન મનોજ તિવારીએ કહ્યું કે મારા ખયાલથી અત્યારે કઈપણ થઈ શકે છે. ફ્રેન્ચાઈઝી કમબેક કરવા માટે કદાચ રોહિતને કેપ્ટન બનાવી શકે છે. તેણે વધુમાં કહ્યું કે જેટલું મને ખબર છે એટલું જોઈએ તો આ ફ્રેન્ચાઈઝી અને માલિકો કપરા નિર્ણયો લેતા ખચકાતા નથી. તેમણે આવા નિર્ણયો પહેલા પણ લીધા છે કે અચાનક હાર્દિક પંડ્યાને કેપ્ટન બનાવી દેવાયો અને રોહિતની પાસેથી કેપ્ટનશિપ છીનવાઈ ગઈ. આવું જ જો મિડ સિઝનમાં મુંબઈનું પ્રદર્શન રહ્યું તો થઈ શકે છે. અત્યારસુધી એકપણ ગેમ નથી જીત્યા તેવામાં મુંબઈ ઈન્ડિયન્સ પણ હવે વિચારશે કે આગામી મેચ પહેલા હવે કેવી રીતે કમબેક કરવું જોઈએ.

હાર્દિક પ્રેશરમાં આવી ગયો છેમનોજ તિવારીએ વધુમાં કહ્યું કે તમે ત્રણેય ગેમમાં જુઓ તો હાર્દિકને તેના બેટિંગ અને બોલિંગ ઓર્ડરને કેવી રીતે સેટલ કરવા એની કોઈ જાણકારી જ નથી. તે ક્યારેક પોતે ઉપર બેટિંગ કરવા આવે તો ક્યારેક તિલક વર્માને બેટિંગ માટે નીચે ઉતારે છે. આ બધાની વચ્ચે બુમરાહનો યોગ્ય ઉપયોગ કરતા તેને આવડ્યો નથી. એટલું જ નહીં તેના દરેક ઓન ફિલ્ડ નિર્ણયો ઊંધા જ પડ્યા છે. આવી સ્થિતિમાં હાર્દિક પંડ્યા સાથે શું થશે આગામી સિઝનમાં એ અંગે નિષ્ણાંતો પણ અનુમાન લગાવી શકતા નથી.

## દેશનાં સર્વાધિક લોકપ્રિય દૈનિક ''ઈન્ડિયન એક્સપ્રેસ''નો સચોટ અહેવાલ

# આલેલે : ભ્રષ્ટાચારી ભાજપમાં જોડાતા થઈ જાય દૂધે ધોયેલા

### ભ્રષ્ટાચારનાં આક્ષેપોનો સામનો કરનાર ૨૫ વિપક્ષી નેતાઓ ભાજપમાં જોડાયા અને તેમાંથી ૨૩ને રાહત મળી

### ભાજપ પાસે એવું વોશિંગ મશીન છે જેમાંથી જે ભ્રષ્ટાચારી પસાર થાય તે દૂધે ધોયેલા થઈ જાય છે

### ભ્રષ્ટાચાર સામે કડક કાર્યવાહીમાં લગભગ તમામ રાજકીય પક્ષોનું એક સરખુ વલણ

### ભાજપ સરકાર અગાઉની સરકાર કરતાં ભ્રષ્ટાચાર મામલે અલગ કામગીરી કરતી નથી તે હકીકત છે

નવી દિલ્હી, તા. ૩

લોકસભાની ચૂંટણીને લઈને વધી રહેલા ઉત્તેજના વચ્ચે ફરી એકવાર ભ્રષ્ટાચારનો મુદો બોટલમાંથી બહાર આવ્યો છે. હાલમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ભ્રષ્ટાચારનાં કેસમાં તિહાર જેલામાં બંધ છે. દિલ્હી શરાબ કૌભાંડમાં તેની તપાસ ચાલી રહી છે. ભ્રષ્ટાચાર એક એવો મુદો છે જેને દૂર કરવાનો દરેક પક્ષ દાવો કરે છે પરંતુ તેનાથી કોઈ અછુતુ નથી. મીડિયા અહેવાલો છે કે ૨૦૧૪થી કથિત ભ્રષ્ટાચાર માટે કેન્દ્રીય એજન્સીઓ દ્વારા કાર્યવાહીનો સામનો કરી રહેલા ૨૫ વિપક્ષી નેતાઓ ભાજપમાં જોડાયા અને તેમાંથી ૨૩ને ચમત્કારિક રીતે રાહત મળી. તેની સામેની તપાસ કાં તો બંધ કરી દેવામાં આવી હતી અથવા તો અટકાવી દેવામાં આવી હતી.

ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે જે અગ્રણી રાજકારણીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેઓ ૨૦૧૪ પછી વિરોધ પક્ષોમાંથી ભાજપમાં જોડાયા હતા. તેમાંથી ૧૦ રાજકારણીઓ કોંગ્રેસના, ચાર-ચાર એનસીપી અને શિવસેના, ત્રણ ટીએમસી, બેટીડીપી અને એક-એક સમાજવાદી પાર્ટી અને વાયએસઆરસીપીનાં છે.

મીડિયા રિપોર્ટ છે કે ૨૫ માંથી ૨૩ રાજકારણીઓ વિરૂધ્ધ ભ્રષ્ટાચાર સંબંધિત તપાસનું પરિણામ એ આવ્યું કે ત્રણ કેસ બંધ કરવામાં આવ્યા છે અન્ય ૨૦ હોલ્ડ પર અથવા કોલ્ડ સ્ટોરેજમાં છે. આરોપ છે કે ભાથપમાં જોડાયા બાદ તપાસ એજન્સીઓ નિષ્ક્રીય થઈ ગઈ છે. આ યાદીમાં સામેલ છે રાજકારણીઓ આ વર્ષે સામાન્ય ચૂંટણીના થોડા અઠવાડિયા પહેલા જ ભાજપમાં જોડાયા હતા.

અનુસંધાન પાના ૬ ઉપર

### કોઈ કારણોસર આગ લાગતા અફડા-તફડી

## મોટી કુંકાવાવ આઉટ પોસ્ટ પોલીસ સ્ટેશનમાં એક ડઝન બાઈક, કાર અને રિક્ષા સળગી ગયા

### રૂપિયા ૯૦ હજારનું નુકસાન થયાનું જાહેર થયું

અમરેલી, તા. ૩

મોટી કુંકાવાવ આઉટ પોસ્ટ (પોલીસ)માં તા. ૨ના સવારના આશરે નવેક વાગ્યાના સુમારે પોલીસ મુદામાલમાં રહેલ મારૂતી ફન્ટી-૮૦૦ ગાડીના બોનેટમાં કોઈપણ કારણોસર આગ લાગવાથી તે ફન્ટીમાં ફયુલ તરીકે એલ.પી.જી. ગેસ સીલીન્ડર જોડેલ હોય અને તેમાં ગેસ ભરેલ હોવાથી તે વાહનમાં તેમજ આજુબાજુમાં વિકરાળ આગ પ્રસરી જવાથી આઉટ પોસ્ટના કંપાઉન્ડમાં રાખવામાં આવેલ ગુન્હાના કામના તેમજ ડીટેઈન કરવામાં આવેલ મુદામાલના વાહનો જેમાં મોટર સાયકલ-૯ સંપુર્ણ બળી ગયેલ તેમજ ૩-મોટર સાયકલ અર્ધ બળી ગયેલ તેમજ એક છકડો ભાર રીક્ષા અર્ધ બળી ગયેલ તેમજ એક મારૂતિ ફન્ડી-૮૦૦ની ફોર વ્હીલ કાર સંપુર્ણ બળી જતા આશરે કુલ કિંમત રૂા. ૯૦,૦૦૦/-નું નુકસાન થયાનું વડિયા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### પાલિકા કચેરીનો વહીવટ પુનઃ ચર્ચાના ચકડોળે ચડયો

## સાવરકુંડલા પાલિકાનાં પુર્વ પ્રમુખ સામે સિમેન્ટનાં પાઈપ લઈ ગયાનો આક્ષેપ

### પાલિકા દ્વારા પુર્વ પ્રમુખને નોટીસ પાઠવાતા ચકચાર



અમરેલી, તા. ૩

જિલ્લાના સાવરકુંડલા નગરપાલિકા ફરી ચર્ચાના ચકડોળે ચડી છે અને પાલિકા પ્રમુખ પદના છેલ્લા દિવસે ૧ લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપાયેલા પાલિકાના પૂર્વ પ્રમુખ અને ચાલુ પાલિકાના સભ્ય ડી.કે.પટેલનો એક વિડીયો સોશીયલ મીડિયામાં વાયરલ થયેલો છે જેમાં પાણી પુરવઠા વિભાગના પાલિકાના એનપીઉ સીમેન્ટના પાઈપ શિવાજીનગર માધવાણીની વાડી વોર્ડ નંબર ૨ ખાતેથી રાત્રિના અંધારામાં જેસીબી વડે ભરીને જેસરોડ ખાતે ખાનગી પ્રોપર્ટીમાં ખાલી કર્યા હોવાનું જાણવા મળી રહયું છે.

ત્યારે પાલિકાના માધવાણીની વાડીમાં આશરે ૧૦ થી ૧૨ હજાર રૂપિયાની કિંમતનો એક એનપીઉ સીમેન્ટનો પાઈપ રાત્રિના

અનુસંધાન પાના ૬ ઉપર

જોઈએ છે
પેટ્રોલપંપ પર કામ કરી શકે તેવા ભાઈઓ / બહેનો આકર્ષક પગારથી જોઈએ છે
શ્રી ક્રિષ્ના પેટ્રોલ પંપ
HP પેટ્રોલ પંપ, માણેકપરા, અમરેલી.

Kelvinator
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
Kelvinator ઈલેક્ટ્રોનીક્સ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડક્ટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એકજ સ્થળે...
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION
EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૪૮૪૪ ૫૯૫૪૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

મોરબીના ભાવે અહિંથી મળશે
આપનાં સ્વપ્નનાં ઘરને સજાવો અમારી અવનવી અદ્યતન ડીઝાઈન વાળી વિવિધ ટાઈલ્સથી....
એકવાર અવશ્ય મુલાકાત લો...
ટાઈલ્સ હોલસેલ તથા રીટેલ મળશે.
ટાઈલ્સ ડીઝાઈન સ્ટુડિયો
લાઠી રોડ, બાયપાસ ચોકડી, અમરેલી
વિજયભાઈ મો.૯૯૦૧૭ ૬૬૭૫૭ | કિશનભાઈ મો.૯૯૨૫૧ ૬૧૧૮૪ | મયંકભાઈ મો.૯૯૦૯૯ ૭૭૭૦૫

Sheetal
Sheetal Restaurant - Ice Cream, South Indian & Fast Food
દરેક ખરીદી પર મેળવો કેશબેક
Earn 10% Cashback
કોઈપણ ખરીદી પર
તમારું આગલું બિલ ચૂકવવા માટે તમારા કેશબેકનો ઉપયોગ કરો.
Terms & Conditions
• મિનિમમ રૂ. 999/- બિલની રકમ કેશબેક મેળવવા માટે જરૂરી છે.
• 2 ઓફર એક સાથે માન્ય નથી.
• ઓફર ફક્ત શીતલ રેસ્ટોરન્ટ - S.T. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી પર જ માન્ય છે.
• કેશબેક ઓફર માત્ર રેસ્ટોરન્ટના બીલ પર જ માન્ય ગણાશે.
Location
શીતલ રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી. 9510959954

LG BEST SHOP
Life's Good.
EXCLUSIVE Offers
DIRECT COOL Refrigerator
3 YEAR WARRANTY
Upto 10% CASHBACK On Selected Credit/Debit Card
T&C Apply
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી. મો.9974772377

## ઈમલો વેચવાનો છે

શ્રી કેળવણી મંડળ ખાંભા સંચાલિત શ્રી એલ.એલ.તથા એલ.પી.ઉદાણી પ્રાથમિક શાળાનું બિલ્ડીંગ જે જર્જરિત થયેલ છે જેને તોડી પડવાનું હોય, કમ્પાઉન્ડ વોલ ન તોડવાની શરતે મકાન પાડી તમામ માલ સમાન ઉપાડી ગ્રાઉન્ડ લેવલ કરી દેવાનું રહેશે રસ ધરાવતી પાર્ટીએ જાહેર પ્રસિધ્ધ થયા તારીખથી દિન પંદર (૧૫) માં સીલ બંધ કવરમાં પોતાના ભાવ નીચેની શરતો ધ્યાનમાં રાખી મોકલી આપવા.

:: શરતો ::

(૧) મકાન પાડતી વખતે થતો અકસ્માત કે અન્ય જોખમની તમામ જવાબદારી ઈમલો રાખનારની રહેશે.
(૨) જેના ભાવ મંજુર રહેશે તેણે તેજ દિવસે આપેલ ભાવની ૨૫ (પચ્ચીસ) ટકા રકમ જમા કરાવવાની રહેશે અને બાકીની રકમ ભર્યા પછી જ મકાન પાડવાની કામગીરી શરૂ કરી શકશે.
(૩) મકાન પાડી અને માલ સમાન ઉપાડી મેદાન સાફ કરવાનું કામ નકકી થાય તે સમય મર્યાદામાં પુરૂ કરવું પડશે જો સમય મર્યાદામાં કામ પુરૂ નહી થાય તો ઈમલો ઉપાડવાનો અધિકાર રહેશે નહિ.
(૪) ભાવ પત્રકમાં ભાવ મોકલનારાએ પોતાનું પુરૂનામ સરનામું મોબાઈલ નંબર અવશ્ય લખવાના રહેશે.
(૫) ઈમલો રૂબરૂ જોવા માંગતા હોય તેને જાહેર રજા સિવાયના દિવસોમાં સવારે ૮.૦૦ થી ૧૨.૦૦ ના સમયમાં નીચે આપેલ સરનામા પર આવી શકે છે.
(૬) ઈમલો વેચાણ અંગેનો આખરી નિર્ણય લેવાનો અબાધિત અધિકાર શ્રી કેળવણી મંડળ ખાંભાનો રહેશે.
(૭) રૂા.૨૦૦૦ (બે હજાર)ની રકમને બાના પેટે ડ્રાફટ જોડવાનો રહેશે.

:: ભાવ પત્રક મોકલનારનું સરનામું ::

**પ્રમુખશ્રી કેળવણી મંડળ ખાંભા**
C/o શ્રી જે.એન.મહેતા હાઈસ્કુલ ખાંભા
કોન્ટેક્ટ નંબર આચાર્યશ્રી જે.એન.મહેતા હાઈસ્કુલ ખાંભા
( ૯૪૨૭૯ ૪૪૧૫૭ )

*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)